**સુવિચાર**

આપણી શ્રીફળ જેવડી ખોપરીમાં ગોઠવાયેલા ચીકુ જેવડા મગજનાં ઉધામા પાછા પૃથ્વી જેવડા હોય છે !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૦૭/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
બટેકા મરી મસાલા સેવ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ-૭ વર્ષ : ૧૬ અંક : ૧૯૭

## ખાંભા-નાગેશ્રી નેશનલ હાઈવે પર ભાવરડીથી રાણીંગપરા વચ્ચેનો પુલ બંધ કરાતા

# ખાંભાનાં ૨૫ ગામોને એસ.ટી.ની સુવિધા ન મળતાં ગ્રામજનો મુશ્કેલીમાં

**નેશનલ હાઈવે વિભાગે ડાયવર્ઝન બનાવ્યા વગર જ અચાનક જ પુલ પર ભારે વાહનો પર પ્રતિબંધ લગાવી દીધો**

**શાળાએ અભ્યાસ અર્થે જતાં બાળકો, હોસ્પિટલમાં જતાં દર્દીઓ તેમજ ખેડૂતોને અવરજવરમાં પરેશાની**

**ગંભીરા પુલની દુર્ઘટના બાદ કુંભકર્ણની નિંદ્રામાંથી જાગેલ તંત્રએ પુલ બંધ કરવાનું અભિયાન શરૂ કર્યુ**

**જો વૈકલ્પિક માર્ગ શરૂ કરવામાં ન આવે તો ગ્રામજનો આંદોલન કરવાનાં મિજાજમાં**




તસ્વીર : ભાવિક કલસરિયા-ખાંભા

ખાંભા, તા. ૩૦
ખાંભા નાગેશ્રી ૩૫૧જી નેશનલહાઈવે પર ભાવરડી ગામ નજીક જર્જરીત પુલ હોવાથી નેશનલ ઓથોરિટી તંત્ર દ્વારા એસ.ટી. બસ સહિત ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેથી ડેડાણ તેમજ આસપાસના ૨૫ ગ્રામ્યમાં એસ.ટી. બસ અવર જવરની કોઈ વ્યવસ્થા ન કરવામાં આવતા આ વિસ્તારના વિદ્યાર્થીઓ અને લોકો મુશ્કેલીમાં મુકાયા છે અને તંત્ર દ્વારા આ ગામડાઓમાં જવા માટે કોઈ વિકલ્પ કે ડાયવર્ઝન ન મુકવાને કારણે એસ.ટી.

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્પેશ્યલ સરકારી વકીલની ધારદાર દલીલોને આધારે

# અમરેલીમાં ૧૦૦ કિલો ગૌમાંસ સાથે પકડાયેલ આરોપીને ૭ વર્ષની કેદ

**૧ લાખ ઉપરાંતનો દંડ કરતી અમરેલી સેશન્સ કોર્ટ**

અમરેલી, તા. ૩૦
ગત તારીખ ૨૪/૧/૨૦ના રોજ અમરેલીમાં આવેલ બહારપરા વિસ્તારમાં ખાટકી વાડમાં રહેતા અવેશભાઈ ઉર્ફે કાળુ દાઉદભાઈ તરકવાડીયા પોતાના મકાને ગૌવંશનું કતલ કરેલ છે. તેવી બાતમી હેડ કોન્સ્ટેબલ દાનસિંહ પરમારને મળતા

અનુસંધાન પાના ૬ ઉપર

## વેપારી જીજ્ઞેશભાઈ કોટેચા સાથે છેતરપીંડી કરી

# અમરેલીનાં જહાંગીરભાઈ કુરેશી જમીનનાં માલીક ન હોવા છતાં વેચાણ કર્યુ

**વેપારી પાસેથી નાણાં મેળવી લીધાની ફરિયાદ**

અમરેલી, તા. ૩૦
અમરેલીમાં રહેતા આરોપી જહાંગીરભાઈ દાદુભાઈ કુરેશીએ અમરેલી તાલુકાનાં માંગવાપાળ ગામે આવેલ સર્વે નં. ૫૮/૨, ૫૮/૩ની

અનુસંધાન પાના ૬ ઉપર

## પાળીયાદનાં ૬ ઈસમોએ મોડી રાત્રિએ ગેરકાયદેસર મંડળી રચી કારસ્તાન કર્યુ

# બગસરાનાં ગોકુલપરામાં રહેતા કિશોરભાઈ બોરડ નામનાં ૫૦ વર્ષિય ખેડૂતનુ અપહરણ થતા ચકચાર

**ખેડૂતનાં નાના દિકરાને મારી નાખવાની પણ ધમકી આપી**

અમરેલી, તા. ૩૦
બગસરાના ગોકુળપરા વિસ્તારમાં રહેતા કિશોરભાઈ પરશોતમભાઈ બોરડ નામના ૫૦ વર્ષિય ખેડુતના મોટા દિકરા કૃપાલભાઈને બોટાદ જિલ્લાના પાળીયાદ ગામે રહેતા સત્યમભાઈ ખાચર સાથે ધંધાકીય પૈસાની બાબતમાં મનદુઃખ ચાલતું હોય જેનુ મનદુઃખ રાખી સત્યમભાઈ ખાચર સહિત ૬ જેટલાં ઈસમોએ તા.૨૮ રાત્રે ૧૦ થી તા.૨૯ ના રોજ વ્હેલી સવારે ૨ વાગ્યે દરમિયાન પુર્વઆયોજીત કાવતરૂ રચી ગેરકાયદે મંડળી બનાવી કાળા કલરની કાર લઈ ખેડૂતના ઘરે આવી આરોપીએ રૂપિયા ૧૭,૦૦,૦૦૦ આપો નહીંતર તમારી બે વીઘા જમીનનું

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal
July Bites, Student Vibes!
Special Offer
10% OFF
બધા વિદ્યાર્થીઓ માટે ફ્લેટ ૧૦% ડિસ્કાઉન્ટ
મિનિમમ બિલ : ₹૧૯૯/-
ઓફર માન્ય : 31 જુલાઈ
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000-7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્ક્રીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000-7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર... મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR Health Insurance · TATA AIG Insurance · Medi Assist · SBI general · care · Reliance Health Insurance · BAJAJ Allianz

## જમીનને યુરિયા કે ડીએપી જેવા રસાયણોની નહિ પરંતુ જીવસંપત્તિની જરૂર

# ખેતીને લાભકારી, ટકાઉ અને સ્વાસ્થ્યપ્રદ બનાવવા પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ

**ધારીનાં ડાંગાવદર ગામનાં ખેડૂત ભરતભાઈ હડિયાએ પ્રાકૃતિક કૃષિમાં ખેત ઉત્પાદનોનું મૂલ્યવર્ધન કર્યુ**

**પ્રાકૃતિક કૃષિ ઉત્પાદિત મગફળીનાં તેલનો ડબ્બો સૌ કોઈ રૂપિયા ૪૨૦૦માં ખરીદતાં હતા**

**ઘઉંનું પણ શોર્ટેક્ષ મશીન મારફત ગ્રેડીંગ અને પેકિંગ કરીને ઘરે કરે છે વેચાણ**

**જિલ્લાભરનાં ખેડૂતો રાસાયણિક કૃષિ છોડીને પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે સમયની માંગ**




આલેખન : રોહિત ઉસદડ

અમરેલી, તા. ૩૦

રાજકોટમાં એકાઉટન્ટ તરીકેની નોકરી કરતા અને આવક પણ ઠીકઠાક હતી એવા ભરતભાઈ હડિયા કોરોના મહામારીના સમયગાળામાં લોકડાઉનના કારણે અમરેલી જિલ્લાના ધારીતાલુકાના ગામ ડાંગાવદર કે જે તેમનું પોતાનું વતન છે ત્યાં તે પરત આવી જાય છે. કોરોના મહામારીનો આ સમયગાળો તેમને વિચારતા કરી મૂકે છે અને ત્યાંથી જ તેમને પ્રાકૃતિક કૃષિ પધ્ધતિથી ખેતી શરૂ કરવાનો વિચાર જન્મે છે.

પ્રાકૃતિક કૃષિ પધ્ધતિથી ખેતી શરૂ કરવા માટે તેમણે ઓનલાઈન ઘણી શોધખોળ કરી, પ્રાકૃતિક કૃષિ પધ્ધતિથી કોણ ખેતી કરે છે તે ચકાસ્યું અને પછી તે કેટલાક એવા ખેડૂતોને પણ મળે છે જે પ્રાકૃતિક કૃષિ કરતા હતા. આમ, તે પોતાના પિર્તોપાર્જિત ૧૫ વીઘા જમીનમાં પ્રાકૃતિક કૃષિ શરૂ કરવાનો નિર્ધાર કરે છે.

ભરતભાઈ હડિયા કહે છે કે, પ્રાકૃતિક કૃષિમાં ખેત ઉત્પાદનોનું મૂલ્યવર્ધન ખેડૂતોની સમૃદ્ધિના દ્વાર ખોલે છે, તેઓ સ્વયંનું ઉદાહરણ આપતા જણાવે છે કે, બજારમાં જ્યારે મગફળીના તેલનો ડબ્બો આશરે રૂપિયા ૩,૦૦૦ના ભાવે વેચાતો ત્યારે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી ઉત્પાદિતથી પકવેલી માંડવીના તેલનો (સિંગતેલ) ડબ્બો રૂા. ૪૨૦૦ના ભાવે વેચાણ થતો. એટલે કે, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનનો ભાવ બજાર કરતા આશરે ૨૫ ટકા જેટલો વધુ મળે છે અને આટલો ઊંચો ભાવ મળવાનું કારણ લોકોને શુદ્ધ, સાત્વિક અને આરોગ્યપ્રદ વસ્તુ ખાવી છે અને તેની સતત માંગ પણ વધી રહી છે.

ભરતભાઈ પોતાની મોટાભાગની જમીનમાં મગફળી, તલ અને ઘઉંના પાકનું વાવેતર કરે છે. મગફળી અને તલનું દેશી ઘાણીમાં તેલ કાઢીને અને બંસી જાતના ઘઉંનું શોર્ટેક્ષ મશીન મારફત ગ્રેડિંગ અને પેકિંગ કરીને વેચાણ કરે છે. આ ઉપરાંત તે ચણા, તુવેર, કઠોળ સહિતના પાકોનું પણ વાવેતર કરે છે.

શુદ્ધ સાત્વિક ખાવાના આગ્રહી અને ખેતીમાં અદ્યતન થવા તેમજ જરૂરી યાંત્રિકીકરણના હિમાયતી ખેડૂત ભરતભાઈ હડિયા એમ પણ કહે છે કે, ખેતીને લાભકારી, ટકાઉ અને સ્વાસ્થ્યપ્રદ બનાવવા માટે પ્રાકૃતિક કૃષિ તરફ વળવું જરૂરી. આજે ખેતીમાં રાસાયણિક ખાતરો અને દવાના ઉપયોગના લીધે નાગરિકોના સ્વાસ્થ્ય પર વિપરિત અસરો થઈ રહી છે, વધતી જતી ગંભીર બીમારીઓ છે તે તેની સાક્ષી પૂરે છે. એટલે હવે સમય છે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો અને તેના માટે વધુને વધુ જાગૃત્તિનો. રસાયણમુકત ખેતપેદાશો અને તેના વપરાશ થકી આગામી સમયને વધુ સુવર્ણ બનાવી શકાય તેમ છે.

ઘણાને લાગે છે કે, પ્રાકૃતિક કૃષિ માત્ર પરંપરાગત પદ્ધતિ છે પરંતુ હકીકતમાં તે સંપૂર્ણપણે વૈજ્ઞાનિક કૃષિ પદ્ધતિ છે, જમીનની સ્વાભાવિક ક્ષમતાનો ઉપયોગ કરવાથી તેમાં રહેલા બેકટેરિયા અને સજીવો જીવંત રહે છે. વાસ્તવમાં જમીનને યુરિયા કે, ડીએપી જેવા રસાયણોની નહિ પરંતુ જીવસંપતિની જરૂર હોય છે, ત્યારે જ જમીન જીવંત બને છે અને સ્વાભાવિક રીતે જ પાકને પોષકતાથી વધુ ભરપૂર બનાવે છે, તેમ પણ ભરતભાઈ હડિયાએ જણાવ્યુ હતુ.

તેમણે અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવામાં સરકારના આત્મા પ્રોજેકટની ભૂમિકાની પણ સરાહના કરી હતી. આ સાથે તેઓએ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રાકૃતિક કૃષિ માટેની ઝુંબેશ અને ગુજરાત સરકારના પ્રાકૃતિક કૃષિ માટેના પ્રોત્સાહક પગલાંઓથી બહોળી સંખ્યામાં ખેડૂતો પણ રસાયણ મુકત કૃષિ તરફ વળી રહ્યા છે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતુ.

---

### જાફરાબાદનાં કાગવદર વિસ્તારમાં

## દેશનાં ગૌરવસમા સિંહોમાં રોગચાળાની આશંકાથી વનવિભાગે સ્કેનિંગની કામગીરી શરૂ કરી

**૧ સિંહણ અને ૯ બાળસિંહનાં કરાયા રેસ્કયુ**



રાજુલા, તા. ૩૦

તાલુકાના કાગવદર નજીક સિમ વિસ્તારમાં સિંહબાળમાં કોઈ ભેદી રોગચાળો હોવાની આશંકને લઈ વનવિભાગની ટીમ ગત રાત ભર રેસ્કયુ ઓપરેશનની કામગીરી હાથ ધરી જેમાં ૯ જેટલા સિંહબાળ ૧ સિંહણ આખા ગ્રુપને પાંજરે પૂરવા રેસ્કયુ ઓપરેશન કયું. જેમાં સિંહબાળ અતિ નબળાય આવી રહી છે. ચાલી શકતા ન હતા પડી જતા જાફરાબાદ રેન્જ વનવિભાગને જાણ થતા ટીમ સાથે પોહચી સ્કેનિંગ કરતા સિંહબાળ ગ્રુપની હાલત અતિનાજુક હોવાથી રેસ્કયુ ઓપરેશન શરૂ કયું. જેમાં ૯ સિંહબાળને પાંજરે પુરી દીધા ૧ સિંહબાળ એક સાથે રહેતા હતા. આખાય ગ્રુપને પાંજરે પુરી એનિમલ ડોકટર તપાસ કરશે ર સિંહબાળ ના રેસ્કયુ ઓપરેશન કર્યા બાદ ૨ના શંકાસ્પદ રીતે મોત થયા હતા. વનવિભાગની ટીમ દ્વારા સિંહબાળના સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરવામાં આવશે. સેમ્પલ બાદ કારણ બહાર આવી શકે છે.

સમગ્ર ઘટના અંગે પાલીતાણા શેત્રુંજી ડીવીઝન ડીસીએફ ધનનજયકુમાર સાધુએ કહ્યું સિંહબાળ રેસ્કયુ કર્યા છે. બીમાર હતા ર સિંહબાળ મોત થયા છે. ૧ સિંહબાળ પણ સાથે છે. અન્ય સિંહોના સ્કેનિંગ પણ કરવામાં આવ્યા છે. પકડાયેલા સિંહબાળને ચેક કરી ફરી મુક્ત કરવામાં આવશે.

જાફરાબાદ રેન્જમાં રેવન્યુ સહિત વિસ્તારમાં અન્ય સિંહોમાં કોઈ બીમારી છે કે કેમ.?તે અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સ્કેનિંગ કરી રહ્યા છે. માઈન્સ વિસ્તાર ઉધોગો સિમ વિસ્તારમાં વનવિભાગ સ્કેનિંગ કરી રહ્યા છે. મોટા રિંગ પાંજરાથી સિંહોની પાંજરે પુરી રહ્યા છે. ગુજરાતમાં તાજેતરમાં સિંહોની ગણતરી કર્યા બાદ વનવિભાગ દ્વારા સિંહોના ગણતરીનો આંકડો જાહેર કરવામાં આવ્યો. જેમા અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા સૌથી વધુ નોંધાય છે. ત્યારે સિંહોની સુરક્ષાને લઈ સવાલો ઉઠી રહ્યા છે.

ત્યારે સિંહપ્રેમી વિપુલ લહેરીએ જણાવ્યું ગઈ કાલે જાફરાબાદ તાલુકાના કાગવદર ગામ નજીક ૯ સિંહબાળના રેસ્કયુ ઓપરેશન કર્યા ગ્રુપ સાથે જેમાં ૧ સિંહણ પણ પકડાઈ છે. બે બચાના મોત થયા છે. ધારી ગીર પૂર્વ ડીવીઝનમાં અગાવ ૨૦૧૭માં ૨૨થી વધુ સિંહોના બેબસિયાના કારણે મોત થયા હતા. અમારી તો એજ માંગણી છે. રાજય સરકારને મારી વિનંતી સિંહના સેમ્પલ લેવાય ટેસ્ટ લેવાય લેબોરેટરી થાય કોઈ રોગચાળો તો નથી ને? આની તાત્કાલિક તપાસ કરવામાં આવે.

---

## સાવરકુંડલા ખાતે ૬ દિવસીય યુવક સહકારી શિક્ષણ વર્ગનો શુભારંભ



અમરેલી, તા. ૩૦

ગુજરાત રાજય સહકારી સંઘના દિશા નિર્દેશો અનુસાર અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલાની વી. ડી.કાણકીયા આર્ટસ અને એન .આર સંઘવી કોમર્સ કોલેજ ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા છ દિવસીય યુવક સહકારી શિક્ષણ વર્ગનો શુભારંભ કરવામાં આવેલ હતો જેમાં અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને છ દિવસ સુધી વિવિધ વિશે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં. આ કાર્યક્રમનું કોડીનેશન અમરેલી જિલ્લા સહકારી સંઘના સી. ઈ. આઈ સાગરભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં મહેમાન તરીકે એ. પી. એમ.સી.ના અધ્યક્ષ દિપકભાઈ માલાણી, અમરેલી જિલ્લા સહકારી સંઘના ડાયરેક્ટર શરદભાઈ પંડ્યા,સાવરકુંડલા શહેર ભાજપ અધ્યક્ષ અનિઢદ્ધસિંહ રાઠોડ, વી. ડી. કાણકિયા આર્ટ્સ અને એન આર સંઘવી કોમર્સ કોલેજ આચાય એસ. સી. રવૈયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના યુવા સમિતિના ડાયરેક્ટર અમરસિંહ રાઠોડ, અમરેલી જિલ્લા પંચાયત સિંચાઈના અધ્યક્ષ લાલજીભાઈ મોર અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગોદાણી, સાવરકુંડલા શહેર ભાજપ મહામંત્રી મયુરભાઈ સુદાણી, કોલેજ કેમ્પસ કો–ઓપરેટીવ સોસાયટીના અધ્યક્ષ ભાગ્યશ્રીબેન શીલુ, અમરેલી જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ભાર્ગવ ત્રિવેદી, યુવા અગ્રણી કુલદીપભાઈ કોટીલા, શિવાંગભાઈ ત્રિવેદી, સહકારી અગ્રણી અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

### ધારાસભ્ય કસવાલાએ ૧.૫૯ કરોડ મંજુર કરાવ્યા

## અરે વાહ : સાવરકુંડલા–લીલીયા પંથકનાં પાંચ ગામોમાં ગ્રામ સચિવાલય બનશે

**ગાધકડા, પીયાવા, વીજપડી, મોટા લીલીયા અને આંબા ગામને ફાયદો**



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા–લીલીયા વિદ્યાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અથાગ પ્રયાસોથી સાવરકુંડલા લીલીયા તાલુકાના પાંચ ગામોમાં અધ્યતના ગ્રામ પંચાયત કચેરીઓના નિર્માણ માટે કુલ ૧.૫૯ કરોડ રૂપિયાના કામો મંજુર કરવામાં આવ્યા છે. સાવરકુંડલા તાલુકોના ગાધકડા, પીયાવા, વીજપડી અને લીલીયા તાલુકો માટે લીલીયા અને આંબા ગામોના ગ્રામજનોને આધુનિક સુવિધાઓથી સજજ પંચાયત ભવનો લાભ મળશે.

અગાઉ સાવરકુંડલા – લીલીયા તાલુકાના ૨૧ ગામોમાં જેમાં સાવરકુંડલા તાલુકાના રામગઢ, નાના ભમોદ્રા, પીઠવડી, મીતીયાળા, વિજયાનગર, જુનાસાવર, કાનાતળાવ, સાકરપરા, સેંજલ, લુવારા, થોરડી, વીરડી, ઘનશ્યામન, હિપાવડલી, નાના જિજુડા, દેતડ, જીરા, ધજડી, ગોરડકા, લીલીયા તાલુકાના શેઢાવદર, અત્યાધુનિક ગ્રામ સચિવાલય ૫.૫૦ કરોડ ખર્ચે મંજુર કરાવ્યા હતા.

ધારાસભ્યએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું. કે ગ્રામ્ય કક્ષાએ સુશાસન અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ગ્રામ પંચાયત ભવનોની ભુમિકા અત્યંત મહત્વની છે. આ પાંચ ગામોમાં નવા અને અધ્યતન પંચાયત ભવનો બનવાથી સ્થાનિક લોકોને વધુ સારી સેવાઓ અને સુવિધાઓ મળશે. મંજુર થયેલા આ કામો માટે ટુંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ પ્રોજેકટસ પૂર્ણ થતાં ગ્રામ સચિવાલયમાં ગામના લોકોને વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી મળશે અને તેઓ યોજનાઓનો લાભ મેળવી શકશે. આ ઉપરાંત ગ્રામજનો ગ્રામ સચિવાલયમાંથી મહત્વના દસ્તાવેજો પણ મેળવી શકાશે. ગ્રામ સચિવાલયની સ્થાપનાથી ગ્રામજનોના સમય અને ખર્ચની બચત થશે અને વહીવટ કાર્યક્ષમતામાં વધારો થશે. આ વિકાસ કાર્યથી ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારના લોકો માટે વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવવામાં સરળતા રહે તે માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સચિવાલયની સ્થાપના કરવામાં આવશે. કસવાલાના પ્રયત્નોથી આ મહત્વપૂર્ણ પહેલને મંજુરી મળી છે. જે ગ્રામ્ય વિકાસમાં એક નવું પરિણામ ઉમેરશે.

---

### રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા

## અમરેલી જિલ્લામાં તા.૧લી ઓગસ્ટથી નારી વંદન સપ્તાહની ઉજવણી

**જિલ્લામાં મહિલા સશક્તિકરણની વિવિધ થીમ પર કાર્યક્રમો યોજાશે**

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં તા.૧લી ઓગસ્ટથી નારી વંદન સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી થશે. આ સમગ્ર સપ્તાહ દરમિયાન મહિલા સશક્તિકરણલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાશે.

રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજયની મહિલાઓ સામાજિક આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગેરવભેર આગળ વધે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મહિલાઓના સર્વાંગીય વિકાસ સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય સહિત મહત્વના પરિબળો અને વિવિધ ક્ષેત્રમાં મહિલાઓ સક્ષમ બને તે હેતુસર તા.૧ ઓગસ્ટથી નારી વંદન સપ્તાહની ઉજવણી થશે.

આ કાર્યક્રમમાં, તા. ૧ ઓગસ્ટે મહિલા સુરક્ષા દિવસ, તા. ૨ ઓગસ્ટે બેટી બચાવો બેટી પઢાવો દિવસ, તા.૪ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ, તા.૫ ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસ, તા.૬ ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ અને તા.૭ ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ, તા.૦૮ ઓગસ્ટે મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી થશે, તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

**સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક**

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી

સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો–રૂમ પાસે, અમરેલી.



ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ પ્લેટ -ધરા, જેક–ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ

કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ,ઓટોમેટીક ટાયર ફીટીંગ,નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ

YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

# મામલતદાર, પોલીસ વિભાગનાં કર્મચારીઓ દ્વારા

# જાફરાબાદનાં ટીંબી ગામે ગૌચરમાં થયેલ દબાણ દૂર કરાયુ

**જાગૃત નાગરિકે રજૂઆત કરતાં મહેસુલ વિભાગે જેસીબી વડે દબાણ દૂર કરાવ્યુ**

**અંદાજિત ૯૦૦ વિઘા ગૌચરમાં ઘણા સમયથી દબાણ હોય દૂર થતાં હાશકારો**

**દબાણ હટાવની કામગીરી નિહાળવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડયા**

**સમગ્ર જિલ્લામાં ગૌચરમાં થયેલ દબાણ દૂર કરવામાં આવે તે જરૂરી**



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં સરકારી પડતર કે ગૌચર જમીનમાં વ્યાપક પ્રમાણમાં દબાણ હોવાની સંભાવના છે. છેલ્લા ઘણા વર્ષોથી મહેસુલી વિભાગ ધ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી થતી ન હોવાથી દબાણકર્તાઓની હિંમત વધતી જોવા મળી રહી છે.

દરમિયાનમાં જાફરાબાદનાં ટીંબી ગામે ૯૦૦ વિઘા ગૌચર જમીનમાં દબાણ થયાની રજૂઆત ઘનશ્યામભાઈ ભાલાળા ધ્વારા થયા બાદ આજે મહેસુલ અને પોલીસ વિભાગનાં કર્મચારીઓ ધ્વારા સંયુકતપણે દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવતાં મોટી સંખ્યામાં ગામજનો દબાણ હટાવની કામગીરી નિહાળવા એકત્ર થયા હતા.

જો કે મહેસુલી વિભાગે જિલ્લાભરમાં સરકારી ગણાતી તમામ જમીનમાં થયેલ દબાણનું યુધ્ધનાં ધોરણે સર્વે કરાવીને જયાં પણ દબાણ હોય ત્યાં શેહશરમ રાખ્યા વગર સરકારી જમીનો ખુલ્લી કરાવવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

## પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના અંતર્ગત મતીરાળા : એસબીઆઈ દ્વારા ખાતાધારકનાં વારસદારને ૨ લાખનો ચેક અર્પણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૩૦

લાઠી તાલુકાની મતીરાળા એસ.બી.આઈ.બેંક દ્વારા મતીરાળા ગામનાં રહેવાસી રતિલાલ કાનજીભાઈ આદ્રોજા અકાળે અવસાન થતા તેમના પરિવારજનોને પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના અંતર્ગત રૂા.૨ લાખનો કલેઈમ ચુકવવામાં આવ્યો હતો. મૃતકના પરિવારને આ દુઃખની ઘડીમાં આર્થિક સહાય મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ વીમા પોલીસનો રૂા.બે લાખનાં કલેઈમનો ચેક મૃતકના વારસદાર ધ્રુવિકકુમાર રતીભાઈ આદ્રોજાને એનાયત કરવામાં આવ્યો હતો. આ તકે લાઠી તાલુકા પંચાયતના ચેરમેન હિંમતભાઈ એવિયા, મેનેજર હેમુભાઈ પટેલ, એફઓએસ રજનીકાંત બોરસાનિયા, યશભાઈ, અશોકભાઈ, ચેતનભાઈ તથા ગ્રામજનો હાજર રહયા હતા.

## દામનગરમાં વટેમાર્ગુ માટે વોટર કુલરનુ લોકાર્પણ



દામનગર, તા. ૩૦

દામનગર શક્તિપીઠ ગાયત્રી મંદિર પરિસરમાં વેપારી અગ્રણી પૂર્વ નગરપાલિકા પ્રમુખ અમરશીભાઈ નારોલા અને પૂર્વ નગરપાલિકા પ્રમુખ ધીરૂભાઈ નારોલા પરિવારે સ્વર્ગીય જીવીબેન ભીમજીભાઈની પુણ્યસ્મૃતિમાં વટે માર્ગુ માટે શીતળ જળ વ્યવસ્થા કરી દામનગર શક્તિ પીઠ ગાયત્રી મંદિર પરિસરમાં ઠાંસા રોડ ચોકડી ઉપર પ્રતિ કલાકે ૬૦ લીટર ઠંડુ પાણીની ક્ષમતા ધરાવતા વોટર કુલરનું લોકાર્પણ કરાયું. રાહદારીઓને નિયમિત મળી રહે તેવા ઉમદા આશયથી વોટર કુલર અર્પણ કરાયું.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
લોનેબલ ટાઈટલ કિલિયર
બ્લોક નં. ૩૪૭, ઓમનગર, ચિત્તલ રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

JULY SPECIAL Offer
Ex Showroom ₹68,889/-
Down Payment ₹3600/-
સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ₹6500/-
Shine 100
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

|| વંદે માતરમ્ ||
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

પવિત્ર શ્રાવણ નિમિતે
ટોપરાપાક, શિંગપાક,
સ્પે. માવાના પેંડા, ફરાળી ગુલાબ જાંબુ
ફરાળી ચેવડો ▪ બટેટા વેફર ▪ કેળા વેફર
હાજરમાં મળશે
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
શિવ
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો.કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
➤ કાનમાંથી નિકળતી રસી,ફુગ,મેલ માટે નિદાન અને સારવાર
➤ કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન ➤ કાનની બુદનું ઓપરેશન
➤ એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
➤ સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
➤ એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
➤ $CO_2$ લેસર સર્જરી
➤ થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭

Hero
મોનસૂન એક્સચેંજ કાર્નિવલ
21 - 28 જુલાઈ
એક્સચેંજ બોનસ ₹3000* સુધી
તમારા જૂના ટુ વ્હીલરને બ્રાન્ડ ન્યૂ હીરોમાં પરિવર્તિત કરો.
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### CCTVમાં ચોરની કેદ થઈ તસવીર

# BCCIની ઓફિસમાં ચોરી, લાખો રૂપિયાની IPLની જર્સી ઉપાડી ગયો

## મુંબઈના વાનખેડે સ્ટેડિયમ સ્થિત BCCI ઓફિસમાંથી સુરક્ષા ગાર્ડે ૬.૫ લાખ રૂપિયાની IPL જર્સી ચોરી કરી

મુંબઈ, તા.૩૦

દુનિયાના સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ એટલે કે BCCIનું કાર્યાલય મુંબઈના વાનખેડે સ્ટેડિયમ કેમ્પસમાં છે અને આ કાર્યાલયમાંથી લાખો રૂપિયાનો સામાન ચોરાઈ ગયો છે. આ કેસમાં એક વ્યક્તિ પણ પકડાઈ ગયો છે, જે કાર્યાલયની સુરક્ષામાં સામેલ છે. BCCIને આ ચોરીની જાણ ત્યારે થઈ જ્યારે બોર્ડનું આંતરિક ઓડિટ કરવામાં આવ્યું. આ કેસમાં સુરક્ષા મેનેજરની ધરપકડ કરવામાં આવી છે. તેના પર IPL 2025ની ૨૬૧ જર્સી ચોરી કરવાનો આરોપ છે, જેની કિંમત ૬.૫૨ લાખ રૂપિયા હોવાનું કહેવાય છે.આરોપી ફારુક અસલમ ખાન છે, જે BCCI કાર્યાલયની સુરક્ષાનો ભાગ છે. અસલમ ખાને ચર્ચગેટના વાનખેડે સ્ટેડિયમ સ્થિત BCCI કાર્યાલયના સ્ટોરરૂમમાંથી જર્સીનું આખું કાર્ટન ચોરી લીધાનો આરોપ છે. પોલીસના જણાવ્યા અનુસાર, દરેક જર્સીની કિંમત લગભગ ૨,૫૦૦ રૂપિયા છે અને ચોરાયેલી વસ્તુઓની કુલ કિંમત લગભગ ૬.૫ લાખ રૂપિયા છે.

આ મહિનાની શરૂઆતમાં BCCI અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા ઓડિટમાં જર્સીના સ્ટોકમાં વિસંગતતાઓ જોવા મળી. આ પછી CCTV ફૂટેજ તપાસવામાં આવ્યા તો જાણવા મળ્યું કે ૧૩ જૂનના રોજ IPL 2025 સમાપ્ત થયાના થોડા દિવસો પછી ફારુક અસલમ ખાન સ્ટોરરૂમમાંથી એક મોટું કાર્ડબોર્ડ બોક્સ લઈને જતા જોવા મળ્યો, જેનાથી તરત જ શંકા જાગી. આ પછી ૧૭ જુલાઈના રોજ મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં અસલમ ખાન વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે ફારુક અસલમ ખાને ચોરાયેલી જર્સી હરિયાણાના એક ઓનલાઈન ડીલરને વેચી હતી, જેનો તેણે સોશિયલ મીડિયા દ્વારા સંપર્ક કર્યો હતો. તે વ્યક્તિએ કથિત રીતે ડીલરને કહ્યું હતું કે BCCI ઓફિસમાં રિનોવેશનના કામને કારણે 'સ્ટોક ક્લિયરન્સ સેલ'ના ભાગ રૂપે જર્સી વેચવામાં આવી રહી છે.

"ડીલરનો દાવો છે કે તેને ખબર નહોતી કે જર્સી ચોરાઈ ગઈ છે," તપાસમાં સામેલ એક પોલીસ અધિકારીએ જણાવ્યું. અત્યાર સુધી, ૨૬૧ જર્સીમાંથી ફક્ત ૫૦ જર્સી જ મળી છે. પૂછપરછ દરમિયાન અસલમ ખાને કબૂલાત કરી હતી કે તેણે વેચાણમાંથી મળેલા પૈસાથી ઓનલાઈન જુગાર પ્રત્યેની તેની વધતી જતી લતને ફંડ પૂરું પાડ્યું હતું. "તેને સીધા તેના બેંક ખાતામાં પૈસા મળ્યા અને તે દાવો કરે છે કે તેણે જુગાર પ્લેટફોર્મ પરના બધા પૈસા ગુમાવ્યા," અધિકારીએ કહ્યું કે આ દાવાની ચકાસણી કરવા માટે બેંક રેકોર્ડની તપાસ કરવામાં આવી રહી છે તે સ્પષ્ટ નથી કે ચોરાયેલી જર્સી જે ટીમોની હતી, તે IPL ખેલાડીઓના સત્તાવાર ઉપયોગ માટે હતી કે જાહેર વેપાર માટે હતી.

પોલીસે હરિયાણા સ્થિત ડીલરને વધુ પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું છે અને કેસની તપાસ ચાલી રહી છે. અસલમ ખાનની થોડા દિવસો પહેલા ચોરી અને વિશ્વાસઘાતના આરોપસર સંબંધિત કલમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તે હાલમાં જામીન પર છે. BCCI એ આ બાબતે કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી.

### ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન હોબાળો

# રાજ્યસભામાં વિપક્ષનો હોબાળો અને વોકઆઉટ

## વડાપ્રધાન મોદી ગૃહમાં આવીને જવાબ આપે : ખડગે

નવી દિલ્હી, તા.૩૦

સંસદનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા થઈ ચૂકી છે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં જવાબ પણ આપ્યો હતો. આજે રાજ્યસભામાં આ વિષય પર ચર્ચાનો અંતિમ દિવસ હતો ત્યારે આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં જવાબ આપ્યો છે.રાજ્યસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ જ્યારે પોતાનું ભાષણ આપવા માટે ઉભા થયા ત્યારે વિપક્ષે હોબાળો કરવાનું શરૂ કરી દીધું. આ દરમિયાન ઉપસભાપતિએ તમામને શાંત કર્યા અને પોતાની સીટ પર બેસી જવા કહ્યું. ત્યારે ગૃહમંત્રી અમિત શાહને અનેક વખત પોતાનું ભાષણ રોકવું પડ્યું. વિપક્ષ દ્વારા સતત વડાપ્રધાન મોદીને ગૃહમાં બોલાવવાની માગ કરાઈ, જેના પર અમિત શાહે કહ્યું કે, વડાપ્રધાન પોતાની ઓફિસમાં છે. મારાથી પતી જાય છે તો શા માટે વડાપ્રધાનને બોલાવવા...વધુ તકલીફ થશે.રાજ્યસભામાં વિપક્ષ નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, વિપક્ષની માગ હતી કે વડાપ્રધાન ગૃહમાં આવીને જવાબ આપે. જો વડાપ્રધાન સંસદ પરિસરમાં હાજર હોવા છતા ગૃહમાં નથી આવતા તો આ ગૃહનું અપમાન છે.આ દરમિયાન ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી વધુ પડતા મુદ્દાઓ પર મલ્લિકાર્જુન ખડગેને બોલવા નથી દેતી અને તેઓ સવાલ ઉઠાવી રહ્યા છે. બીએસીની બેઠકમાં એ નક્કી હતું કે બંને ગૃહોમાં ૧૬-૧૬ કલાક ચર્ચા કરાશે. પરંતુ જવાબ કોણ આપશે એ સરકાર અને વડાપ્રધાન નક્કી કરશે.રાજ્યસભામાં ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે, કાલે તમે (કોંગ્રેસ) પૂછી રહ્યા હતા કે તે (પહલગામના આતંકવાદી) આજે જ શા મારે મારવામાં આવ્યા? તેમને કાલે શા માટે ન મારવા જોઈતા હતા? કારણ કે રાહુલ ગાંધીને પોતાનું ભાષણ આપવું હતું? એવું ન ચાલે. આખો દેશ જોઈ રહ્યો છે કે પ્રાથમિકતા રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદનો ખાતમો નહીં, પરંતુ રાજનીતિ, વોટ બેંક અને તૃષ્ટિકરણની રાજનીતિ છે... આજે ગૃહમાં ઉભા થઈને હું વાયદો આપું છું કે જમ્મુ કાશ્મીર આતંકવાદ મુક્ત થશે. આ નરેન્દ્ર મોદી સરકારનો સંકલ્પ છે.

### ભાવનગર ભાજપમાં ભડકો

# ભાવનગરના મેયરે જાહેરમાં આત્મવિલોપનની ચીમકી ઉચ્ચાર્યા બાદ યુ-ટર્ન લીધો

## મેયરે સ્પષ્ટતા કરી છે કે તેમનો હેતુ કોઈને દબાવવાનો નહોતો અને તેમને કોઈ દબાવવા માંગે તેવું પણ નથી

ભાવનગર,તા.૩૦

ભાવનગર શહેર ભાજપના આંતરિક વિખવાદો વચ્ચે ભાવનગરના મેયર ભરત બારડે અગાઉ સોશિયલ મીડિયા ગ્રુપમાં આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચાર્યા બાદ હવે તેમના સૂર બદલાયા છે. મેયરે સ્પષ્ટતા કરી છે કે તેમનો હેતુ કોઈને દબાવવાનો નહોતો અને તેમને કોઈ દબાવવા માંગે તેવું પણ નથી.પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવનગર કોર્પોરેશનની ચૂંટણી પહેલાં જ શહેર ભાજપમાં આંતરિક વિખવાદો ચરમસીમાએ પહોંચ્યા છે. આ દરમિયાન, મેયર ભરત બારડે એક ભાજપના વોટ્સએપ ગ્રુપમાં 'મને ખોટી રીતે દબાવાશે તો જાહેરમાં આત્મવિલોપન કરીશ' તેવી પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટને કારણે ભારે ખળભળાટ મચી ગયો હતો અને ગ્રુપ એડમિને તાત્કાલિક મેયરની પોસ્ટ ડિલીટ કરી દીધી હતી.જોકે, આત્મવિલોપનની ચીમકી બાદ મેયર ભરત બારડે હવે અલગ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, 'મેં મારા પરિવારમાં વાતમાંથી વાત કરી, તેનો કોઈ અર્થ નથી. મેં કોઈને દબાવવા માટે કર્યું નથી, મને કોઈ દબાવવા માંગે એવું પણ નથી.'મેયરે પોતાની ઓળખ ભાજપના સિનિયર કાર્યકર્તા તરીકે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'હું ભાજપનો સિનિયર કાર્યકર્તા છું, ૪૫ વર્ષથી હું પાર્ટીની સેવા કરું છું.' તેમણે અગાઉ એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે તેઓ 'ભાજપમાં કામગીરીને કારણે મેયર બન્યો, લાગવગથી નહીં.' આત્મવિલોપનની ચીમકીવાળી પોસ્ટમાં મેયરે ભાજપ અને ભાજપના આગેવાનો પ્રત્યેની નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે સિનિયર કાર્યકર્તાઓ સાથે અલગ પ્રકારનો વ્યવહાર થતો હોવાની પણ હૈયાવરાળ ઠાલવી હતી. જોકે, તેમના તાજેતરના નિવેદનથી એવું લાગી રહ્યું છે કે તેમણે પોતાની આક્રમક રણનીતિ બદલી છે.આ સમગ્ર ઘટનાક્રમ ભાવનગર ભાજપમાં ચાલી રહેલા આંતરિક તણાવને ઉજાગર કરે છે અને આગામી કોર્પોરેશન ચૂંટણી પહેલાં આ વિખવાદો કઈ દિશામાં જશે તે જોવું રસપ્રદ રહેશે.

### તમિલનાડુના રાજ્યપાલ આર. એન રવિનો મોટો દાવો

# ભારતના બે રાજ્યોમાં વધતી જતી વસતી ટાઇમ બોમ્બ સમાન

## આસામ અને પશ્ચિમ બંગાળમાં વધતી જતી સંવેદનશીલ વસતી અને તેના ભવિષ્ય પર અભ્યાસ કરવો જરૂરી

ચેન્નાઈ, તા.૩૦

તમિલનાડુના રાજ્યપાલ આર એન રવિએ આસામ અને પશ્ચિમ બંગાળ સહિત દેશના કેટલાક ભાગોમાં ઝડપથી વધી રહેલી વસતી અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, આસામ અને પશ્ચિમ બંગાળ સહિત કેટલાક ભાગોમાં વસ્તીમાં થઈ રહેલો ફેરફાર ટાઈમ બોમ્બ સમાન છે. આ સમસ્યાનો ઉકેલ શોધવો પડશે. બીજી તરફ મહારાષ્ટ્ર અને તમિલનાડુ જેવા રાજ્યોમાં છેડાયેલા ભાષા વિવાદ વચ્ચે રાજ્યપાલે કહ્યું કે, ભાષાના નામ પર લડવું એ ભારતની સંસ્કૃતિ નથી. કોઈએ કોઈના પર ભાષા થોપવી ન જોઈએ. આ દેશે હંમેશા બાહ્ય હુમલાઓનો સામનો કર્યો છે, પરંતુ જ્યારે આપણે અંદરની વાત કરીએ છીએ, ત્યારે આપણે જોવું જોઈએ કે ઈતિહાસમાં શું થયું છે.


રાજ્યપાલ રવિએ કહ્યું કે, ૧૯૪૭માં દેશનું વિભાજન થયું હતું. આ આંતરિક અશાંતિને કારણે થયું. એક વિચારધારામાં માનનારા લોકોએ કહી દીધું હતું કે અમે બીજા લોકો સાથે ન રહી શકીએ. આમ વિચારધારાના વિવાદે દેશને વિભાજીત કર્યો. આર. એન. રવિએ ગુજરાતના ગાંધીનગરમાં રાષ્ટ્રીય સંરક્ષણ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધતા આ વાત કહી. તેમણે કહ્યું કે, શું કોઈને છેલ્લા ૩૦-૪૦ વર્ષોમાં આસામ, પશ્ચિમ બંગાળ અને પૂર્વાંચલ(ઉત્તર પ્રદેશ અને બિહારના કેટલાક ભાગો)માં વસ્તીમાં થયેલા ફેરફારોની ચિંતા છે? શું આજે કોઈ એ અંદાજો લગાવી શકે કે આવનારા ૫૦ વર્ષોમાં આ વિસ્તારોમાં દેશને વિભાજીત કરવાનું કામ નહીં થશે?

તેમણે આગળ કહ્યું કે, આપણે કેટલાક વિસ્તારોમાં વધતી જતી સંવેદનશીલ વસતી અને તેના ભવિષ્ય પર અભ્યાસ કરવો જોઈએ. આ સમસ્યા ટાઇમ બોમ્બ સમાન છે. આપણે ભવિષ્યમાં આ સમસ્યાનો સામનો કેવી રીતે કરીશું તે વિચારવું પડશે. આપણે આજથી જ આનો ઉકેલ શોધવાનું શરૂ કરી દેવું જોઈએ. તેમના મતે કોઈ દેશની લશ્કરી શક્તિ આંતરિક અશાંતિનો સામનો કરવા માટે પૂરતી નથી. રાજ્યપાલે તર્ક આપ્યો કે જો સોવિયેત યુનિયનની લશ્કરી શક્તિ આંતરિક સમસ્યાઓનો સામનો કરવા માટે પૂરતી હોત, તો ૧૯૯૧માં તેનું વિઘટન ન થયું હોત.મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ચાલી રહેલા ભાષા વિવાદ વચ્ચે રવિએ કહ્યું કે, ભાષાના નામે કડવાશ રાખવી એ ભારતનું ચરિત્ર નથી. રાજ્યપાલે કહ્યું કે, આઝાદી બાદ આપણે પરસ્પર લડવા લાગ્યા. તેનું એક કારણ ભાષા હતી. તેઓએ (ભાષાકીય ઓળખના આધારે રાજ્યોની હિમાયત કરનારાઓએ) તેને ભાષાકીય રાષ્ટ્રવાદ કહ્યું. કેન્દ્રીય નેતૃત્વએ વારંવાર સ્પષ્ટ કર્યું છે કે, તમામ ભારતીય ભાષાઓ સમાન સ્તરની છે અને સમાન સન્માનને પાત્ર છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અનેક વાર કહ્યું છે કે તમામ ભારતીય ભાષાઓ આપણી રાષ્ટ્રીય ભાષાઓ છે અને અમે દરેકનું સન્માન કરીએ છીએ. પીએમ મોદી પણ આ જ વાત કહે છે.

### સમગ્રતયા ૨૦૬૩ બસો લોકોની સેવામાં મૂકવાનું પ્રાવધાન કર્યું

# રાજ્યના નાગરિકોની પરિવહન સેવા-સુવિધામાં વધુ ૧૫૧ ST બસો સેવારત થઈ

## મુખ્યમંત્રીએ નવી ૧૫૧ સુપર એક્સપ્રેસ બસોને લીલી ઝંડી ફરકાવીને વિવિધ રૂટ માટે પ્રસ્થાન કરાવ્યું






ગાંધીનગર,તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના દરેક નાગરિકને ઉચ્ચ ગુણવત્તાની, સમયસર અને સુરક્ષિત પરિવહન સેવા મળી રહે તે માટે સતત નવીન ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને બસોના આધુનિકીકરણ માટે વાહન વ્યવહાર વિભાગનું દિશાદર્શન કર્યું છે. મુખ્યમંત્રીએ નાગરિકો માટે બસ સેવાઓને વધુ સુવિધાસભર બનાવવાના હેતુથી એસ.ટી. નિગમની નવી ૧૫૧ સુપર એક્સપ્રેસ બસોને લીલી ઝંડી ફરકાવીને વિવિધ રૂટ માટે પ્રસ્થાન કરાવ્યું હતું.

વાહનવ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આ નવી બસોનો લોકાર્પણ સમારોહ ગાંધીનગરમાં યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા જાહેર પરિવહન અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સશક્તિકરણને વિકાસનો આધારસ્તંભ ગણાવ્યો છે. તેને અનુસરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છેવાડાના માનવી સુધી અસરકારક પરિવહન સેવાઓ સાથે સૌને સુગમ-સુખદ સફરની અનુભૂતિ કરાવવાની દિશામાં સતત આગળ વધતા આજે એસ.ટી.ની વધુ ૧૫૧ બસોનો પ્રારંભ કરાવ્યો હતો.

આ વર્ષના બજેટમાં રાજ્ય સરકારે કુલ ૧૯૬૩ નવી બસોની ખરીદીની મંજૂરી આપી છે તેમજ PPP મોડલ અંતર્ગત ૧૦૦ આધુનિક AC બસોના સંચાલનનું આયોજન પણ હાથ ધરીને સમગ્રતયા ૨૦૬૩ બસો લોકોની સેવામાં મૂકવાનું પ્રાવધાન કર્યું છે. આ પૈકી ૧૫૧ સુપર એક્સપ્રેસ બસો રૂ. ૫૨.૬૩ કરોડના ખર્ચે જનસેવામાં મૂકવામાં આવી છે. નાગરિકોને વધુ આરામદાયક, સુરક્ષિત અને ઝડપી મુસાફરીની સુવિધા મળી રહે તે માટે આ બસો રાજ્યના તમામ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત એસ.ટી.નિગમ દૈનિક ૮ હજારથી વધુ બસો દ્વારા દરરોજ ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરીને ૨૭ લાખથી વધુ મુસાફરોને તેમની ગંતવ્યસ્થાને પહોંચાડે છે. તહેવારો અને વિશિષ્ટ અવસરો પર વધારાની બસોનું સંચાલન કરીને નિગમ અવિરત સેવાથી સમગ્ર સમાજને જોડતું રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એસ.ટી. નિગમની નવી ૧૫૧ બસોને પ્રસ્થાન કરાવ્યું તે વેળાએ ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શિલ્પાબેન પટેલ તથા ગાંધીનગરના ધારાસભ્યો રીટાબેન પટેલ, અલ્પેશભાઈ ઠાકોર અને માણસાના ધારાસભ્ય જયંતિભાઈ પટેલ, ગાંધીનગર શહેર પ્રમુખ ડૉ. આશિષ દવે, વાહન વ્યવહાર અગ્ર સચિવ આર. સી. મીણા, એસ.ટી. નિગમના એમ.ડી. નાગરાજન અને વરિષ્ઠ અધિકારીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### બાલાસિનોરમાં પિલોદરા રોડ પરની જમીન કેસ

# અમૂલ ડેરીના ડીરેક્ટરના પુત્ર સામે મધરાતે ફરિયાદ નોંધાઇ

## એક જમીનના પ્રકરણમાં આખરે એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે જેમાં ભાજપના નેતાજીના દીકરાનું નામ સામે આવ્યું છે

બાલાસિનોર,તા.૩૦

ગુજરાતમાં જમીનના ભાવે જેમ જેમ વધતા જાય છે એમ ડખાઓ પણ વધતા જાય છે. જર જોરૂ અને જમીન એ ત્રણેય કજિયાંના છોરૂની કહેવત એમ જ પડી નથી. મહિસાગર જિલ્લાના બાલાસિનોરમાં પણ એક જમીનના પ્રકરણમાં આખરે એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં ભાજપના નેતાજીના દીકરાનું નામ સામે આવ્યું છે. બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ જીગરકુમાર નાથાભાઈ પટેલ એ એક સિવીલ કોન્ટ્રાક્ટર છે અને એ -૮. જલારામ નગર જ બાલા સિનોરમાં રહે છે. ગત રોજ તેઓ બપોરના સાડા અગિયારેક વાગ્યે મામાના દિકરા નીતીનભાઈ ભાઈલાલભાઈ પટેલ નાઓની ૧૦૦૯-૩-૧ વાળી જમીન જે બાલાસિનોર પિલોદરા રોડ ઉપર આવેલ છે તે જમીન પર ગયા હતા. જે સમયે તેઓની જમીનની બાજુમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય અને અમૂલ ડેરીના ડીરેકટર રાજેશભાઈ પાઠકની જમીન આવેલી હોય અને તેઓના પાર્ટનર ટીના મામા હાજર હતા અને તેઓ તેઓની જમીનમા પ્લોટની માપણી કરતા હતા. માપણી કરતા કરતા આ ટીના મામા મારા મામાની જમીન નજીક આવતા અમોએ તેઓને જણાવેલ કે મારા મામાની જમીનની હદ છે. આ સમયે ટીનામામાં ત્યાંથી જતા રહ્યા હતા. આશરે દોઢેક વાગ્યાના સુમારે અમારી જમીન નજીક પાર્થ રાજેશભાઈ પાઠક તથા બીજા ચાલીસેક જણા આવેલા અને આ પાર્થ કહેવા લાગેલ કે કોણ જમીન માપવાની ના પાડે છે તેમ કહેતા ટીનામામાએ જણાવેલ કે આ જીગરભાઈ ના પાડે છે જેથી પાર્થે કહેલ કે તમે માપણી ચાલુ કરો હું બેઠો છું અને તેઓની સાથે એક અજાણ્યો માણસ હતો, જેનુ નામ મને ખબર નથી જેને હું જો ઓળખું છું તે મારી પાસે આવેલ અને મને કહેવા લાગેલ કે તું અહીયાં કેમ ઉભો છે તારુ નામ છે સાત-બારના ઉતારામાં. એ સમયે મેં એમને જવાબ આપ્યો હતો કેઆ મારા મામાના દિકરાની જમીન છે અને અમો તેઓની જમીન સાચવવા માટે આવેલા છીએ તેમ કહેતા આ અજાણ્યો ઈસમ અમોને ગમે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. આ દરમિયાન મામલો વકરી જતાં પાર્થ પાઠક અને બીજા આશરે ૨૦ માણસો પણ મને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. મને નીચે પાડી દીધો હતો. આ સમયે કોઈ માણસે હાથમાં પહેરેલું કડું મને માથાના પાછળના ભાગમાં વાગતાં મને ઈજા થઈ હતી. જે સમયે તેમને લોહી નીકળવા લાગતાં આખરે તેઓ સારવાર માટે પહોંચ્યા હતા. આ કેસમાં આખરે પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. રાજશ પાઠક એ બાલાસિનોર વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય છે અને હાલમાં અમૂલના ડિરેક્ટર પણ છે. આ પહેલાં પણ કેસરીસિંહ વિવાદમાં પણ તેમનું નામ જાહેરમાં ચર્ચાયું હતું. હવે ભાજપના નેતાજીના દીકરા સામે પોલીસ ફરિયાદ થતાં બાલાસિનોરમાં આ મામલો ચર્ચાને એરણે છે. પોલીસે ફરિયાદના આધારે પાર્થ રાજેશભાઈ પાઠક અને અન્ય સામે મારામારી, ગાળાગાળી અને ધમકીના આરોપ હેઠળ એફઆઈઆર નોંધી તપાસ શરૂ કરી છે. આ ઘટનામાં ફરિયાદી જીગરભાઈ પટેલે આરોપ લગાવ્યો છે કે તેમના મામાની જમીન પર માપણીના મુદ્દે થયેલા વિવાદમાં તેમને માર મારવામાં આવ્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

### સાઉદીનો મોટો નિર્ણય

# વિદેશી નાગરિકો મિલકત ખરીદી શકશે પણ શરતોનું પાલન કરવું પડશે

## કાયદેસર રહેતા વિદેશી નાગરિકો પોતાના અંગત વપરાશ માટે પ્રતિબંધિત વિસ્તારોની બહાર સિંગલ રેસિડેન્શિયલ પ્રોપર્ટી ખરીદી શકશે

રિયાદ, તા.૩૦

સાઉદી અરેબિયામાં હવે વિદેશી નાગરિક પણ પ્રોપર્ટી ખરીદી શકશે. સાઉદી અરેબિયાના સ્થાનિક ન્યુઝપેપર ઉમ્મ-અલ-કુરા ગેજેટમાં ૨૫ જુલાઈના રોજ આ કાયદો પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જે પ્રકાશન તારીખના ૧૮૦ દિવસમાં અમલી બનશે.

સાઉદી કેબિનેટે આ મહિને આ કાયદાને મંજૂરી આપતાં વિદેશી નાગરિકો માટે પોતાનું રિયલ એસ્ટેટ માર્કેટ ખુલ્લું મૂક્યું હતું. તેણે વિદેશી નાગરિકો, કંપનીઓ, એનજીઓ અને રોકાણ કરતી સંસ્થાઓને સાઉદીમાં પ્રોપર્ટી ખરીદવાના હક આપ્યા છે. આ અધિકારમાં ઓનરશિપ, પ્રોપર્ટી લીઝ પર લેવી, પ્રોપર્ટીનો ઉપયોગ કરવા સંબંધિત રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા અધિકારો સામેલ છે. જો કે, આ કાયદામાં સ્થળ, પ્રોપર્ટીનો પ્રકાર અને વપરાશના આધારે અમુક પ્રતિબંધો પણ લાદ્યા છે.

સાઉદી અરેબિયામાં કાયદેસર રહેતા વિદેશી નાગરિકો પોતાના અંગત વપરાશ માટે પ્રતિબંધિત વિસ્તારોની બહાર સિંગલ રેસિડેન્શિયલ પ્રોપર્ટી ખરીદી શકશે. આ કાયદો વિદેશી સ્ટેકહોલ્ડર્સ ધરાવતી નોન-લિસ્ટેડ કંપનીઓ, લાયસન્સ ધરાવતા ઈન્વેસ્ટમેન્ટ ફંડ, અને સ્પેશિયલ પર્પઝ વ્હિકલ્સ કાર્યકારી અને કર્મચારીઓના વસવાટ માટે મક્કા અને મદીનામાં શરતો હેઠળ પ્રોપર્ટી ખરીદી શકે છે. મક્કા અને મદીનામાં પ્રોપર્ટી ખરીદવાની મંજૂરી તો આપવામાં આવી છે, પરંતુ સાથે સાથે કેટલીક શરતો પણ મૂકવામાં આવી છે. આ બંને શહેરોમાં માત્ર મુસ્લિમ વ્યક્તિઓને જ આકરી શરતો હેઠળ સંપત્તિ ખરીદવાની મંજૂરી મળશે.

રાજકીય મિશનો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોને પણ પ્રોપર્ટી ખરીદવાની મંજૂરી મળશે. જો કે, તેના માટે તેમણે વિદેશ મંત્રાલયની મંજૂરી લેવી પડશે અને મૂળ દેશમાં પણ સહમતિ મેળવવી પડશે. પહેલી વાર મક્કા-મદીનામાં ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલના સભ્ય દેશોના નાગરિકોને પ્રોપર્ટી ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે.

સાઉદી મંત્રી પરિષદ, રિયલ એસ્ટેટ જનરલ ઑથોરિટી, અને આર્થિક-વિકાસ બાબતોના કાઉન્સિલ નોન-સાઉદી અર્થાત્ વિદેશી નાગરિકો માટે પ્રોપર્ટીની માલિકીના નિયમો નક્કી કરશે. જેમાં પ્રોપર્ટી ખરીદવાની મહત્તમ સમય મર્યાદા, વપરાશનો સમયગાળો, રજિસ્ટ્રેશન-ટેક્સ અને કાયદાકીય કાર્યવાહી સહિતની બાબતો નિર્ધારિત કરવામાં આવશે. વિદેશી નાગરિકોએ પ્રોપર્ટી ખરીદવા માટે ઓથોરિટી સમક્ષ રજિસ્ટ્રેશન કરાવવું પડશે. વિદેશી નાગરિકોએ ૫ ટકા સુધી પ્રોપર્ટી ટ્રાન્સફર ફી ચૂકવવી પડશે.

જો પ્રોપર્ટી ખરીદવાના નવા કાયદાના નિયમોનો ભંગ કરવામાં આવ્યો તો ૧ કરોડ સાઉદી રિયાલ સુધીનો દંડ ચૂકવવો પડશે. ખોટી અને અપૂરતી માહિતી આપવા બદલ સરકાર સંપત્તિ જપ્ત કરી શકે છે. તેમજ તેનું વેચાણ કરી રકમ સરકારી તિજોરીમાં ટ્રાન્સફર કરશે. નિયમોના પાલન માટે એક સ્પેશિયલ એન્ફોર્સમેન્ટ કમિટીની રચના કરવામાં આી છે. નિર્ણયો વિરુદ્ધ ૬૦ દિવસની અંદર કોર્ટમાં અપીલ કરવાની પણ તક મળશે.

# વલસાડ બાદ હવે નવસારીને વંદે ભારત ટ્રેનનું સ્ટોપેજ મળશે

વલસાડ,તા.૩૦

કેન્દ્રીય રેલવે મંત્રાલય દ્વારા થોડા દિવસ પહેલા વલસાડ રેલવે સ્ટેશનને વંદેભારત હાઈ-સ્પીડ ટ્રેનનું સ્ટોપેજ આપવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાત સહિતના મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને નવસારી ખાતે મુંબઈ-અમદાવાદ વંદે ભારત ટ્રેનનું સ્ટોપેજ આપવાને લઈને રેલવે મંત્રીએ ખાતરી આપી છે. મુંબઈ-અમદાવાદ વંદે ભારત ટ્રેનને નવસારી સ્ટેશન પર સ્ટોપેજ આપવાને લઈને નવસારીના આગેવાનો મોવડી મંડળ દ્વારા દિલ્હી ખાતે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈને રેલવે મંત્રીએ રજૂઆતને ગ્રાહ્ય રાખીને નવસારીમાં વંદે ભારત ટ્રેનનું સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવાયો છે.વંદે ભારત ટ્રેનના નવસારી સ્ટોપેજને લઈને રેલવે વિભાગ દ્વારા આગામી સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. વંદે ભારત ટ્રેનને નવસારી રેલવે સ્ટેશન ખાતે સ્ટોપેજ આપવાના નિર્ણય બાદ હવે દક્ષિણ ગુજરાતના લાખો મુસાફરોને લાભ મળશે.

# ગુજરાતમાં વરસાદનું જોર ઘટશે, ભારે પવને કારણે દક્ષિણ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે એલર્ટ

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે મોટુ નુકસાન થયું છે. રોડ અને રસ્તાની હાલત ખરાબ થઈ ગઈ છે. સતત વરસાદને કારણે ખેતીને પણ અસર થઈ છે. ત્યારે આજથી વરસાદનું જોર ઘટશે અને આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે આજથી રાજ્યમાં વરસાદનું જોર ઘટશે. આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવનાઓ છે. આજે અમદાવાદમાં સામાન્ય વરસાદ થઈ શકે છે. બીજી તરફ ભારે પવનને લઈને હવામાન વિભાગે દક્ષિણ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે એલર્ટ આપ્યું છે. માછીમારોને ૨ ઓગષ્ટ સુધી દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી છે.ગુજરાતમા જુલાઈના અંત સુધીમાં કૂલ સિઝનનો સામાન્ય કરતાં ૩૦ ટકા વધુ વરસાદ થયો છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૮ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે, સૌથી વધુ કપરાડા તાલુકામાં ૨.૧૩ ઈંચ વરસાદ, વઘઈ અને ડાંગમાં ૧.૭ ઈંચ વરસાદ, ખેરગામ અને વાંસદામાં ૧.૬ ઈંચ વરસાદ, ધરમપુરમાં ૧.૪ ઈંચ, વલસાડમાં ૧.૧ ઈંચ વરસાદ અને વાપીમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો છે.

### અંતરિક્ષથી પૃથ્વી પર રાખશે દેખરેખ

# ભારતે રચ્યો ઈતિહાસ : નાસા સાથે મળી લોન્ચ કર્યું નિસાર મિશન

## પૃથ્વીનો સંપૂર્ણ ડેટા એકત્રિત કરશે, દરેક દેશ પર રાખજે નજર

શ્રીહરિકોટા, તા.૩૦

ઈસરોએ આજે નાસા સાથે મળી નિસાર મિશન લોન્ચ કર્યું છે. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતિષ ધવન અંતરિક્ષ કેન્દ્ર ખાતે આજે બુધવારે સાંજે ૫.૪૦ વાગ્યે નિસાર (નાસા-ઈસરો સિન્થેટિક એપરચર રડાર)ને જીએસએલવી-એસ૧૬ રોકેટ મારફત લોન્ચ કર્યું છે. આ પહેલું એવુ મિશન છે, જેમાં કોઈ જીએસએલવી રોકેટ મારફત સન-સિંક્રોનસ ઓર્બિટ (સૂર્ય-સ્થિર કક્ષા)માં કૃત્રિમ ઉપગ્રહ સ્થાપિત કરવામાં આવ્યો હોય.

જીએસએલવી રોકેટ લગભગ ૧૯ મિનિટની યાત્રા બાદ ઉપગ્રહને ૭૪૫ કિમીની ઊંચાઈએ સૂર્યની સ્થિર ધ્રુવીય કક્ષા (સન-સિંક્રોનસ ઓર્બિટ)માં સ્થાપિત કરશે. આ એવી કક્ષા છે, જ્યાં ઉપગ્રહ પૃથ્વીના ધ્રુવોની ઉપરથી પસાર થાય છે, અને દરેક વખતે એક વિશેષ સ્થાનથી પસાર થાય છે, જો કે, દરેક સ્થિતિમાં સૂર્ય પ્રકાશની સ્થિતિ એક જેવી જ રહે છે. કાવુલરૂએ મિશન વિશે જણાવ્યું હતું કે, નાસાએ નિસાર માટે એલ-બેન્ડ ઉપલબ્ધ કરાવ્યું છે, જ્યારે ઈસરો સિન્થેટિક એપરચર રડાર માટે એસ-બેન્ડ પુરૂ પાડ્યું હતું. જેનાથી મોટી સંખ્યામાં ડેટા એકત્રિત કરવાનું સંભવ બનશે. આ ઉપગ્રહ એન્ટાકર્ટિકા, ઉત્તરીય ધ્રુવ, અને મહાસાગરો સ્થિત પૃથ્વી પાસેથી સંબંધિત વ્યાપક ડેટા પ્રસારિત કરશે.

કાવુલુરૂએ જણાવ્યું હતું કે, નિસાર સમગ્ર પૃથ્વીનો સંપૂર્ણ ડેટા એકત્રિત કરશે. જેનો ઉપયોગ કોમર્શિયલ અને વૈજ્ઞાનિક ઉદ્દેશો માટે થશે. ઈસરો આ ડેટાને પ્રોસેસ કરશે અને તેમાંથી મોટા ભાગના ડેટાને ઓપન-સોર્સ તરીકે ઉપલબ્ધ કરાવશે. જેથી વિશ્વભરના યુઝર્સને તેની સરળતાથી ઍક્સેસ કરી શકશે. આનાથી આપણે હિમાલય અને એન્ટાર્કટિકા જેવા પ્રદેશોમાં જંગલોમાં ફેરફાર, પર્વતોની સ્થિતિ અથવા સ્થાનમાં ફેરફાર અને હિમનદીઓની હિલચાલ સહિત મોસમી ફેરફારોનું નિરીક્ષણ કરી શકીશું. દરેક દેશ પર નજર રાખી શકાશે. ઈસરો અનુસાર, નાસા-ઈસરો સિન્થેટિક એપરચર રડાર (NISAR) ઉપગ્રહનું પ્રક્ષેપણ બંને અવકાશ એજન્સીઓ વચ્ચેના એક દાયકાથી વધુ લાંબા સહયોગમાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. ઈસરોએ જણાવ્યું હતું કે આ ઉપગ્રહ દર ૧૨ દિવસે આખી પૃથ્વીનું સ્કેન કરશે અને હવામાનની તમામ પરિસ્થિતિઓમાં દિવસ અને રાત હાઈ-રિઝોલ્યુશન ડેટા પ્રદાન કરશે. ઉપગ્રહ પૃથ્વીની સપાટી પર થતા અત્યંત સૂક્ષ્મ ફેરફારોને ઓળખી શકશે, જેમ કે વનસ્પતિમાં ફેરફાર, હિમનું પીગળવું અને જમીનનું ડિફોર્મેશન.

### ડિજિટલ પેમેન્ટ્સ હવે શહેરો પૂરતું જ મર્યાદિત નથી રહ્યું

# દેશમાં ડિજિટલ પેમેન્ટસના વ્યાપમાં નોંધપાત્ર વધારો

## ડિજિટલ ચુકવણી ટેક્નોલોજીકલ પરિવર્તન જ નહીં પરંતુ આર્થિક સમાવેશ અને વિકાસનો મજબૂત સ્તંભ છે

નવી દિલ્હી, તા.૩૦

વર્તમાન વર્ષના માર્ચમાં દેશમાં ડિજિટલ પેમેન્ટસમાં વાર્ષિક ધોરણે ૧૦.૭૦ ટકા વધારો થયો હોવાનું રિઝર્વ બેંકના ઈન્ડેક્સ પરથી કહી શકાય છે. આરબીઆઈ-ડિજિટલ પેમેન્ટસ ઈન્ડેક્સ દેશમાં થતા ઓનલાઈન વ્યવહારનું માપ મેળવે છે. છેલ્લા ચાર વર્ષમાં ડિજિટલ પેમેન્ટસના ઈન્ડેક્સના વ્યાપમાં જોરદાર વધારો થયો છે. માર્ચ, ૨૦૨૪માં આ ઈન્ડેક્સ જે ૪૪૫.૫૦ હતો તે વર્તમાન વર્ષના માર્ચમાં વધી ૪૯૩.૨૨ રહ્યો છે. સપ્ટેમ્બર, ૨૦૨૪માં આ ઈન્ડેક્સ ૪૬૫.૩૩ રહ્યો હતો. દેશમાં ડિજિટલ પેમેન્ટસના સ્વીકાર અને તેના વિસ્તારનો ઈન્ડેક્સમાં અંદાજ આપવામાં આવે છે. ઈન્ડેક્સ ઊંચો આવવાનો અર્થ દેશમાં પેમેન્ટ માળખામાં વધારો થઈ રહ્યાના સંકેત છે.

માર્ચ, ૨૦૨૧માં ૨૭૦.૫૯થી વધી ઈન્ડેક્સ હાલમાં ૪૯૩.૨૨ના સ્તરે પહોંચી ગયો છે, જે દેશમાં ડિજિટલ પેમેન્ટસનો વ્યાપ વધી રહ્યાનું સૂચવે છે. દેશમાં ડિજિટલ પેમેન્ટસ માત્ર શહેરો પૂરતું જ મર્યાદિત નથી રહ્યું પરંતુ નાના નગરો તથા ગામડાઓના ઉપભોગતા પણ તેનો સ્વીકાર કરતા થયા છે.

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ દરમિયાન, ૬૫,૦૦૦ કરોડથી વધુ ડિજિટલ વ્યવહારો થયા છે, જેનું કુલ મૂલ્ય રૂ. ૧૨,૦૦૦ લાખ કરોડથી વધુ છે તેમ લોકસભામાં માહિતી આપતા સરકારે જણાવ્યું હતું. સરકાર, રિઝર્વ બેંક અને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન એ એમએસએમઈ અને નાના વેપારીઓને ડિજિટલ ચુકવણી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા માટે સમયાંતરે વિવિધ યોજનાઓ શરૂ કરી છેઃ નાણા રાજ્ય મંત્રીએ સંસદમાં જણાવ્યું હતું કે ડિજિટલ ચુકવણીના ફેલાવાથી નાણાકીય સેવાઓની ઍક્સેસ સરળ બની છે, ખાસ કરીને ગ્રામીણ, પછાત અને વંચિત સમુદાયો માટે. UPI જેવા પ્લેટફોર્મે માત્ર નાના વિક્રેતાઓને ડિજિટલ ચુકવણી સ્વીકારવા સક્ષમ બનાવ્યા નથી, પરંતુ વ્યવહારોની ટ્રેસેબિલિટીને કારણે નાણાકીય સંસ્થાઓને પરંપરાગત દસ્તાવેજો વિના ક્રેડિટ યોગ્યતાનું મૂલ્યાંકન કરવાનો વિકલ્પ પણ આપ્યો છે. ભારતમાં ડિજિટલ ચુકવણી પ્રણાલી ફક્ત એક ટેકનોલોજીકલ પરિવર્તન જ નહીં પરંતુ આર્થિક સમાવેશ અને વિકાસનો એક મજબૂત સ્તંભ બની ગઈ છે.

### અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી

# અમેરિકાએ ભારત પર લગાવ્યો ૨૫ ટકા ટેરિફ

## ભારત અમેરિકન માલ પર ઊંચા ટેરિફ લાદે છે, જેના જવાબમાં આ "પારસ્પરિક ટેરિફ" લાગુ કરાયો : આ ટેરિફ ૧ ઓગસ્ટથી અમલમાં આવશે

વોશિંગ્ટન, તા.૩૦

અમેરિકા અને ભારત વચ્ચે એક ટ્રેડ ડીલ થઈ ગઈ છે. અમેરિકાન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે જાહેરાત કરી કે, અમેરિકા ભારત પર ૨૫ ટકા ટેરિફ લગાવ્યો છે. ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ટ્રેડ ડીલ અંગે વાતચીત ચાલી રહી હતી. હવે ટ્રમ્પે પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ અંગે માહિતી આપી છે. ઉલ્લેખનીય છે કે, આ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં, ભારતની અમેરિકામાં નિકાસ ૨૨.૮ ટકા વધીને $25.51 બિલિયન થઈ છે, જ્યારે આયાત ૧૧.૬૮ ટકા વધીને $12.86 બિલિયન થઈ છે. ટ્રમ્પે કહ્યું કે, ભારત અમેરિકન માલ પર ઊંચા ટેરિફ લાદે છે, જેના જવાબમાં આ "પારસ્પરિક ટેરિફ" લાગુ કરવામાં આવ્યો છે. આ ટેરિફ ૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી અમલમાં આવશે. હવે આ અંગે વાટાઘાટો ઓગસ્ટના બીજા અઠવાડિયા પછી ફરી શરૂ થઈ શકે છે.

આનાથી ભારતીય નિકાસકારો પર, ખાસ કરીને ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ અને જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રોમાં, ઊંડી અસર પડી શકે છે. ભારત સરકારે આ નિર્ણયનો અભ્યાસ શરૂ કર્યો છે અને વેપાર વાટાઘાટોને ઝડપી બનાવવાની વાત કરી છે. નિષ્ણાતો માને છે કે, આ ટેરિફ ભારતના અર્થતંત્ર અને રૂપિયાના મૂલ્ય પર દબાણ લાવી શકે છે.

અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, જો આ અઠવાડિયે ભારત-અમેરિકા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં નહીં આવે, તો ભારતને ૨૫% સુધીની આયાત ડ્યુટી (ટેરિફ)નો સામનો કરવો પડી શકે છે. મંગળવારે, જ્યારે પત્રકારોએ તેમને પૂછ્યું કે, જો કરાર ન થાય તો શું ભારતે વધુ ટેરિફ ચૂકવવા પડશે, ત્યારે ટ્રમ્પે જવાબ આપ્યો, "હા, મને એવું લાગે છે." અમેરિકાએ ભારત અને કેટલાક અન્ય દેશોને ૧ ઓગસ્ટની સમયમર્યાદા આપી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે, કાં તો તેઓએ આ તારીખ સુધીમાં વેપાર કરાર કરવો જોઈએ અથવા તેમને વધેલા ટેરિફનો સામનો કરવો પડશે. ડોનાલ્ડ ટ્રમ્પના મતે, ભારત, ભલે અમેરિકાનો મિત્ર દેશ હોય, પરંતુ વેપારની દ્રષ્ટિએ ક્યારેય સંપૂર્ણ સહકારી રહ્યું નથી. તેમણે પોતાના નિવેદનમાં નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ પર ભાર મૂક્યો :

ઉચ્ચ ટેરિફ અને વેપાર અવરોધો : ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ લાદતા દેશોમાંનો એક છે. તેમના મતે, ભારતના બિન-નાણાકીય વેપાર અવરોધો પણ ખૂબ જટિલ અને વાંધાજનક છે. આ જ કારણોસર અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર વ્યવહારો મર્યાદિત થયા છે. રશિયા પર નિર્ભરતા : ટ્રમ્પે પોતાના નિવેદનમાં એવો પણ આરોપ લગાવ્યો કે ભારત લશ્કરી સાધનોની ખરીદી માટે મોટે ભાગે રશિયા પર નિર્ભર છે. વધુમાં, તેમણે જણાવ્યું કે ભારત ચીનની સાથે રશિયા પાસેથી ઊર્જાનો સૌથી મોટો ખરીદનાર પણ છે. ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે આ બધું એવા સમયે થઈ રહ્યું છે જ્યારે આખી દુનિયા રશિયા યુક્રેનમાં હિંસા બંધ કરે તેવી ઈચ્છા રાખે છે. પરિણામ અને 'MAGA' નો નારોઃ આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને, ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ભારતે ઓગસ્ટ ૧ થી ૨૫% ટેરિફ સાથે દંડ ચૂકવવો પડશે. તેમણે આ નિવેદનના અંતે પોતાના જાણીતા સૂત્ર "MAGA!" (અમેરિકાને ફરીથી મહાન બનાવો) નું પુનરાવર્તન પણ કર્યું, જે તેમની 'અમેરિકા ફર્સ્ટ' નીતિનો ભાગ છે.

આ નિર્ણયની સંભવિત અસરોઃ

આર્થિક અસરઃ આ ૨૫% ટેરિફ ભારતીય નિકાસકારો માટે મોટો પડકાર ઉભો કરશે, કારણ કે તેમના ઉત્પાદનો અમેરિકન બજારમાં વધુ મોંઘા બનશે, જેનાથી તેમની સ્પર્ધાત્મકતા ઘટશે.

વેપાર સંબંધોઃ આ નિર્ણય ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં તણાવ વધારી શકે છે. ભારત પણ વળતા પગલાં તરીકે અમેરિકન ઉત્પાદનો પર ટેરિફ લાદી શકે છે, જેનાથી વેપાર યુદ્ધ વધુ તીવ્ર બની શકે છે.

ભૌગોલિક-રાજકીય સંબંધોઃ રશિયા સાથેના ભારતના સંબંધોને લઈને ટ્રમ્પના નિવેદનો બંને દેશો વચ્ચેના ભૌગોલિક-રાજકીય સંબંધોમાં પણ નવા સમીકરણો લાવી શકે છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી, ભારતીય અને અમેરિકન અધિકારીઓ આ વેપાર કરાર અંગે વાટાઘાટો કરી રહ્યા હતા, પરંતુ ક્યારેક તેઓ આશાવાદી અને ક્યારેક સતર્ક સ્થિતિમાં દેખાતા હતા. કરાર ક્યારે થશે અને શું થશે તે સ્પષ્ટ નહોતું.

જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે, સંભવિત કરારમાં તેઓ ભારત પાસેથી શું અપેક્ષા રાખે છે, ત્યારે તેમણે કહ્યું કે, "ચાલો જોઈએ શું થાય છે. ભારત એક સારો મિત્ર રહ્યો છે, પરંતુ ભારતે અત્યાર સુધી લગભગ દરેક દેશ કરતાં વધુ ટેરિફ વસૂલ્યા છે." તેમણે આગળ કહ્યું કે, "પરંતુ હવે હું જવાબદારીમાં છું, અને હવે આવું નહીં ચાલે."

### બે દિગ્ગજ ખેલાડી ટીમમાંથી થયા બહાર

# ૫મી ટેસ્ટ પહેલા ભારતને લાગ્યા બે મોટા ઝટકા

## બુમરાહને મેડિકલ ટીમ દ્વારા ચેતવણી આપવામાં આવી છે અને પછી બહાર રાખવા નિર્ણય : પંત પણ ફીટ નથી

નવી દિલ્હી, તા.૩૦

ટીમ ઈન્ડિયાના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહની પાંચમી ટેસ્ટમાં રમવા અંગે સતત સસ્પેન્સ હતું. બુમરાહ પાંચમાંથી ફક્ત ત્રણ ટેસ્ટ રમવાનો હતો, જે પહેલાથી જ રમાઈ ચૂકી છે. પરંતુ સંજોગો અનુસાર, બુમરાહની હાજરી ટીમ ઈન્ડિયા માટે ખૂબ જ મહત્વપૂર્ણ હતી. હવે સમાચાર છે કે બુમરાહ ૩૧ જુલાઈથી શરૂ થનારી પાંચમી ટેસ્ટમાં રમશે નહીં. રિપોર્ટ અનુસાર, બુમરાહને મેડિકલ ટીમ દ્વારા ચેતવણી આપવામાં આવી છે અને પછી તેને બહાર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જસપ્રીત બુમરાહ ટીમનો મુખ્ય બોલર છે. ભારતીય ટીમ માટે સીરિઝ દાવ પર છે અને છેલ્લી મેચ કરો યા મરો જેવી હશે. એક અહેવાલમાં જણાવાયું છે કે બુમરાહ ઓવલમાં ઇંગ્લેન્ડ સામે રમશે નહીં.

શ્રેણી પહેલા, BCCIના મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે પુષ્ટિ આપી હતી કે વર્કલોડને કારણે, બુમરાહ ઇંગ્લેન્ડ પ્રવાસ પર ફક્ત ૩ ટેસ્ટ રમશે. જો કે પંત પણ ફીટ નથી તેમને પગમાં વાગ્યું છે જેના કારણે તે પણ ૫મી ટેસ્ટમાં રમતા જોવા મળશે નહીં.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે BCCI મેડિકલ ટીમે બુમરાહને જણાવ્યું છે કે આ નિર્ણય તેની પીઠની સલામતી અને લાંબા ગાળાના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. એ પણ જણાવવામાં આવ્યું હતું કે બુમરાહના સ્થાને ઝડપી બોલર આકાશ દીપને ટીમમાં સામેલ કરવામાં આવશે, જે કમરની સમસ્યાને કારણે ચોથી ટેસ્ટમાંથી બહાર હતો. આકાશ દીપે એજબેસ્ટન ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં દસ વિકેટ લીધી હતી.

આ સમાચાર પહેલા, ભારતીય બેટિંગ કોચ સિતાંશુ કોટકે બુમરાહ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તે તેના વજન પ્રમાણે ફિટ છે. ઈજાગ્રસ્ત ઝડપી બોલર બુમરાહને તેના વર્કલોડ મેનેજમેન્ટના ભાગ રૂપે પ્રવાસમાં ત્રણ ટેસ્ટ મેચ માટે પસંદ કરવામાં આવ્યો હતો, પરંતુ પરિસ્થિતિના આધારે, તે ચોથી ટેસ્ટ મેચ રમી શકે છે.

### May Day કોલ આપ્યો

# અમદાવાદમાં ક્રેશ થયેલા બોઈંગ ૭૮૭ના વધુ એક વિમાનમાં ખામી સર્જાવા પામી

## મ્યુનિક સ્થિત યુનાઇટેડ એરલાઇન્સની બોઇંગ ૭૮૭-૮ ડ્રિમલાઇનર ફ્લાઇટ UA108 ને ટેકઓફ થયા બાદ પરત ફરવું પડ્યું હતું

મ્યુનિક, તા.૩૦

અમદાવાદ પ્લેન ક્રેશ બાદ બોઈંગના અનેક વિમાનોમાં ખામી જોવા મળી છે. છેલ્લા કેટલાક મહિનામાં બોઈંગના વિમાનોના ઈમરજન્સી લેન્ડિંગ, એન્જિનમાં ખામી સહિતની સમસ્યાઓ ચર્ચાનો વિષય બની છે. અમદાવાદમાં ક્રેશ થયેલું બોઈંગનું ૭૮૭-૮ ડ્રીમલાઈનરનું અન્ય એક મોડલ અમેરિકામાં પણ ક્રેશ થતાં થતાં બચી ગયું છે.

મ્યુનિક સ્થિત યુનાઈટેડ એરલાઈન્સની બોઈંગ ૭૮૭-૮ ડ્રિમલાઈનર ફ્લાઈટ UA108 ૨૫ જુલાઈએ શુક્રવારે ટેકઓફ થયા બાદ ટૂંક સમયમાં જ વોશિંગ્ટન ડલાસ ઍરપોર્ટ પર પરત ફરવું પડ્યું હતું. જેમાં એન્જિન ફેઈલ થતાં પાયલટે MAYDAY કોલ આપતાં પેસેન્જર્સમાં ખળભળાટ મચ્યો હતો. મ્યુનિક જઈ રહેલી આ ફ્લાઈટ હવામાં ૫૦૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચ્યા બાદ તેના એન્જિનમાં ખામી સર્જાઈ હતી. જેના લીધે ક્રૂએ ઈમરજન્સી જાહેરાત કરી હતી. એર ટ્રાફિક કંટ્રોલર્સને ઘટનાની જાણકારી આપ્યા બાદ પાયલટે MAYDAY કોલ આપ્યો હતો. જો કે, ફ્લાઈટનું સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું.

મીડિયા રિપોર્ટ અનુસાર, ફ્લાઈટનું સુરક્ષિત લેન્ડિંગ કરાવવા પાયલટે સમય સૂચકતા વાપરી ફ્યુલ ખાલી કરવા વોશિંગ્ટનના ઉત્તર-પશ્ચિમમાં જ અનેક ચક્કરો લગાવ્યા હતા. પ્લેનનું વજન મેનેજ કરવા પાયલટે ૬૦૦૦ ફૂટની ઊંચાઈએ હવામાં પ્લેન રાખ્યું હતું. એર ટ્રાફિક કંટ્રોલર્સ એરક્રાફ્ટને સતત સૂચનો આપી રહ્યા હતા. તેમજ સુરક્ષિતપણે ફ્યુલનું ડમ્પિંગ કરવા મંજૂરી આપી હતી. ફ્યુલ ખાલી કરવા હવામાં જ ચક્કર લગાવવા તેમજ હોલ્ડ કરવા આદેશ આપ્યો હતો. ફ્યુલ ડમ્પિંગ પૂર્ણ થયા બાદ પ્લેન સુરક્ષિતપણે વોશિંગ્ટન ડલાસ ઍરપોર્ટ પર પરત ફર્યું હતું. ફ્યુલ ડમ્પ થયા બાદ બંને પાયલટે ઈન્સ્ટ્રૂમેન્ટ લેન્ડિંગ સિસ્ટમનો ઉપયોગ કરી રનવે ૧૯ સેન્ટર પર ઈમરજન્સી લેન્ડિંગની મંજૂરી માગી હતી. સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ એન્જિન ફેઈલ થઈ જતાં પ્લેન હલન-ચલન કરી શકતું ન હતું. પેસેન્જર્સને સુરક્ષિત ઉતાર્યા બાદ તેને રનવે પર ટો કરીને લઈ જવામાં આવ્યું હતું.

### સંજય દત્તના જન્મ દિવસે જાહેર થયો લૂક

# પ્રભાસની 'રાજાસાબ'માં સંજય દત્ત વૃદ્ધ દાદાનો રોલ કરશે

## આ ફિલ્મ મારુથી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને તેમાં પ્રભાસ તેમજ નિધિ અગ્રવાલ લીડ રોલમાં છે

મુંબઈ, તા.૩૦

સંજય દત્ત અલગ અલગ પ્રકારના રોલ કરવા માટે જાણીતો છે, તેણે કોમેડી, એક્શન, વિલનના પછી તે આજના જમાનાના વિલન હોય કે પછી કોઈ ઐતિહાસિક મુગલ, તેણે વિવિધ પ્રકારના રોલ કર્યા છે. છેલ્લાં કેટલાંક સમયથી હવે તે સાઉથની ફિલ્મોમાં પણ કામ કરી રહ્યો છે. હવે તે પ્રભાસની ફિલ્મ 'ધ રાજાસાબ'માં જોવા મળશે. સંજુ બાબાનો મંગળવારે જન્મદિવસ હતો ત્યારે આ આવનારી હોરર કોમેડી ફિલ્મ 'ધ રાજા સાબ'માંથી સંજ દત્તનો પહેલો લૂક જાહેર કરવામાં આવ્યો છે. જેમાં સંજય દત્ત એક મજબુત પાત્ર કરવાનો હોવાનો અંદાજ આવે છે. એક ઘરડા માણસના રોલમાં એ પ્રભાસના દાદા તરીકે જોવા મળશે.આ પોસ્ટરમાં સંજય દત્ત પરંપરાગત લાંબા કપડામાં જોવા મળે છે, જેના ગ્રે વાળ હવામાં ઉડે છે અને તેની જાડી મૂછો દેખાય છે. સંજય દત્ત આ પહેલાં 'કેજીએફ ૨'માં પણ મજબુત રોલ કરી ચૂક્યો છે. આ ફિલ્મમાં તેનો લૂક ડરામણો છે અને તે અંધારિયા રૂમમાં બેઠો હોય એવું લાગે છે. ફિલ્મની ટીમે આ પોસ્ટર શેર કરતા



કેપ્શનમાં લખ્યું છે, ''ટીમ રાજા સાબ પાવરહાઉસ અને વર્સેટાઈલ સંદુ બાબાને જન્મ દિવસની શુભેચ્છાઓ આપે છે. જન્મ દિવસની શુભેચ્છા. ૫ ડિસેમ્બરે થિએટરમાં તમને હચમચાવી નાખે એવી ડરામણી હાજરી જોવા માટે તૈયાર થઈ જાઓ.''આ ફિલ્મ મારુથી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને તેમાં પ્રભાસ તેમજ નિધિ અગ્રવાલ લીડ રોલમાં છે, તેની સાથે માલવિકા મોહનન અને રિદ્ધિ કુમાર પણ મહત્વના રોલમા છે. આ ફિલ્મમાં પ્રભાસ ડબલ રોલમા છે, જે પિતા અને પુત્ર બંનેનો રોલ કરશે. આ ફિલ્મ તેલુગુ, હિન્દી, તમિલ, કન્નડા અને મલયાલમ ભાષામાં રિલીઝ થશે.

### જયશંકરનો વિપક્ષને સવાલ

# પાકિસ્તાન સાથે મિત્રતા નહોતી તો આવો સિંધુ કરાર કેમ કર્યો?

## વિદેશ મંત્રીએ સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના નિર્ણયને પહલગામ બાદ ઉઠાવવામાં આવેલું સૌથી મહત્ત્વનું પગલું કહ્યું

નવી દિલ્હી, તા.૩૦

રાજ્યસભામાં વિદેશી મંત્રી એસ. જયશંકરે બુધવારે (૩૦ જુલાઈ) ઓપરેશન સિંદૂર પર ચર્ચા શરુ કરી હતી. વિદેશ મંત્રીએ સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના નિર્ણયને પહલગામ બાદ ઉઠાવવામાં આવેલું સૌથી મહત્ત્વનું પગલું કહ્યું. આ સિવાય કહ્યું કે, જ્યારે પાકિસ્તાન સાથે મિત્રતા નહતી, ન તો ગુડવિલ હતી તો આવી સિંધુ જળ સંધિ કરવાની શું જરૂર હતી? આ શાંતિની કિંમત હતી. આ તુષ્ટિકરણની કિંમત હતી. તેમને પંજાબ, રાજસ્થાન, હરિયાણાના ખેડૂતોની ચિંતા નહતી. તેમને પાકિસ્તાનના પંજાબના ખેડૂતોની ચિંતા હતી.

એસ. જયશંકરે રાજ્યસભામાં પહલગામ હુમલા બાદ સરકાર તરફથી ઉઠાવવામાં આવેલા પગલાં ગણાવ્યા. તેમણે કહ્યું કે, અમે પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરી દીધા. સિંધુ જળ સંધિને સ્થગિત કરવામાં આવી અને કહ્યું કે, લોહી અને પાણી એકસાથે નહીં વહે. આ સંધિને મોદી સરકારે રોકી. દુનિયાએ જોયું કે, ભારતે કેવી રીતે જવાબ આપ્યો. અમારા નિશાના પર આતંકવાદી અને આતંકવાદીઓના ઠેકાણા હતા. અમે દુનિયા સામે પાકિસ્તાનને ઉઘાડું પાડ્યું.

વિદેશ મંત્રીએ વધુમાં કહ્યું કે, ભારતે વર્ષો સુધી સરહદ પાર આતંકવાદ સહન કર્યું છે. અમે જે કરી રહ્યા છીએ તે કરતા રહીશું. દરેક વખતે આટલી મોટી ઘટના બને છે, મુંબઈમાં બ્લાસ્ટ થાય છે અને અમુક મહિના બાદ તમે કહો છો કે, નહીં, નહીં ઠીક છે. જે થવાનું હતું એ થઈ ગયું, ચાલો વાત કરીએ. બોલો, હવે પછી તમને કોણ ગંભીરતાથી લેશે? અમે આતંકવાદને ગ્લોબલ એજન્ડા બનાવ્યો. આ મોદી સરકારના પ્રયાસોથી શક્ય થયું. આજે આતંકવાદીઓને મળતું ફન્ડિંગ બંધ થઈ ગયું છે.

આતંકવાદ મુદ્દે વિદેશ મંત્રીએ કહ્યું કે, આપણે આતંકવાદને એક-બે કે ૧૦ વર્ષથી નહીં પરંતુ, ૧૯૪૭થી સહન કરી રહ્યા છીએ. ભારતના આતંકી હુમલાને દુનિયાએ જોયું. ંદ્રજીઝ રિપોર્ટમાં પાકિસ્તાન ઉઘાડું પડ્યું. ૨૬/૧૧ના ગુનેગાર તહવ્વુર રાણાને લઈને અમે લઈને આવ્યા. આપણી ડિપ્લોમેસી સફળ રહી. અમેરિકાએ પણ ટીઆરએફને આતંકી સંગઠન જાહેર કર્યું.

ઓપરેશન સિંદૂર વિશે એસ. જયશંકરે કહ્યું કે, અમારો ટાર્ગેટ નક્કી હતો. અમે કાર્યવાહી કરી અને એ પણ સ્પષ્ટ કરી દીધું કે, ભારત કોઈપણ મધ્યસ્થતા સ્વીકારશે નહીં. જો કોઈ વાત થશે તો ડીજીએમઓ ચેનલ દ્વારા જ થશે. પાકિસ્તાનના ડીજીએમઓએ આપણા ડીજીએમઓ સાથે વાત કરી અને હુમલાને રોકાવાનું કહ્યું. ડોનાલ્ડ ટ્રમ્પના દાવા વિશે વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે, દુનિયાના કોઈપણ નેતાએ ક્યાંયથી પણ ભારતને ઓપરેશન રોકવાનું નથી કહ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ સાથે કોઈ વાતચીત નથી કરી. સાઉદી અરેબિયા સહિતના દેશો સાથે વાતચીત થઈ. તમામ કૉલ રેકોર્ડ પર છે. મારા સોશિયલ મીડિયા પર પણ છે. દરેકને અમે એ જ કહ્યું કે, પાકિસ્તાન સંઘર્ષ રોકવા ઈચ્છે છે તો તે અમારી ડીજીએમઓ ચેનલ દ્વારા કરે. કાન ખોલીને સાંભળી લો... ૧૨ એપ્રિલથી ૨૨ જૂન સુધી એક પણ ફોન કૉલ વડાપ્રધાન મોદી અને અમેરિકન પ્રમુખ વચ્ચે નથી થયો.

### પીએનબી, બેન્ક ઓફ બરોડા, ઈન્ડિયન બેન્ક તથા કેનેરા બેન્કે પેનલ્ટી દૂર કરી

# છ બેન્કોનાં ખાતામાં મિનિમમ બેલેન્સ નહીં હોય તો પણ દંડ નહીં

## સરેરાશ માસિક બેલેન્સ એ ગ્રાહક દ્વારા તેના સેવિંગ્સ બેન્ક એકાઉન્ટમાં જાળવવામાં આવતી એક ચોક્કસ રકમ છે

નવી દિલ્હી, તા.૩૦

બચત ખાતામાં ન્યૂનતમ સરેરાશ માસિક બેલેન્સ નહીં જાળવવાને કારણે ગ્રાહકોના ખાતામાંથી બેન્કો દ્વારા દંડ પેટે પૈસા કાપી લેવાની અનેક ફરિયાદો જોવા મળે છે. જોકે તાજેતરમાં જ દેશની જાહેર ક્ષેત્રની છ બેન્કોએ એવરેજ મંથલી બેલેન્સ (એએમબી) એટલે કે સરેરાશ માસિક બેલેન્સ નહીં રાખવા બદલ દંડ નહીં વસૂલવાનો નિર્ણય કર્યો છે. દંડની જોગવાઈ દૂર કરનારી બેન્કોમાં પંજાબ નેશનલ બેન્ક, બેન્ક ઓફ બરોડા, બેન્ક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેન્ક, કેનેરા બેન્કનો સમાવેશ થાય છે. જ્યારે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ ૨૦૨૦થી જ મિનિમમ બેલેન્સ નહીં રાખવા બદલ દંડ વસૂલવાનું બંધ કર્યું છે.સરેરાશ માસિક બેલેન્સ એ ગ્રાહક દ્વારા તેના સેવિંગ્સ બેન્ક એકાઉન્ટમાં જાળવવામાં આવતી એક ચોક્કસ રકમ છે. જો કોઈ ગ્રાહકનાં ખાતાનું બેલેન્સ આ ચોક્કસ રકમ કરતાં નીચું જાય તેવા કિસ્સામાં બેન્ક તેની પર પેનલ્ટી લગાવે છે. બેન્ક ઓફ બરોડા દ્વારા ૧ જુલાઈ, ૨૦૨૫થી તમામ સ્ટાન્ડર્ડ સેવિંગ્સ બેન્ક એકાઉન્ટ્સ પર બેલેન્સ એવરેજ મંથલી બેલેન્સ નહીં જાળવવા બદલ લગાવાતા દંડને દૂર કર્યો છે. જોકે પ્રીમિયમ સેવિંગ્સ એકાઉન્ટ્સને આ મુક્તિ નહીં મળે.

### વૈશ્વિક ઈન્ડેક્સ ૯૯ પાર કરી ગયો

# ડોલર સામે રૂપિયો તૂટી ચાર મહિનાના તળિયે પહોંચ્યો

## પાઉન્ડે રૂ.૧૧૬ની સપાટી ગુમાવીઃ યુરો ગબડી રૂ.૧૦૧ની અંદર

મુંબઈ, તા.૩૦

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં તેજી આગળ વધતાં ડોલરના ભાવ ઉંચામાં રૂ.૮૭ નજીક પહોંચી ગયા હતા તથા ડોલર સામે રૂપિયો વધુ તૂટયો હતો. શેરબજારમાં ફરી તેજી આવવા છતાં કરન્સી બજારમાં રૂપિયામાં ધોવાણ ચાલુ રહેતાં બજારના જાણકારો આશ્ચર્ય બતાવી રહ્યા હતા.

ડોલરના ભાવ રૂ.૮૬.૬૭ વાળા આજે સવારે રૂ.૮૬.૮૪ ખુલી ઉંચામાં ભાવરૂ.૮૬.૯૩ સુધી ઉછળ્યા હતા.જોકે ત્યારબાદ ડોલરના ભાવ ઘટી નીચામાં રૂ.૮૬.૭૭ થયા પછી છેલ્લે બંધ ભાવ રૂ.૮૬.૭૭ થયા પછી છેલ્લે બંધ ભાવ રૂ.૮૬.૮૧ રહ્યા હતા. રૂપિયા સામે ડોલરના ભાવ આજે વધુ ૧૪ પૈસા વધતાં ડોલર સામે રૂપિયો વધુ ૦.૧૬ ટકા તૂટયો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. ડોલર સામે રૂપિયો આજે ઘટી ચાર મહિનાના તળિયે ઉતર્યો હતો.

વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે વધુ ૦.૧૨ ટકા વધ્યો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૯૮.૫૮ તથા ઉંચામાં ૯૯.૦૫ થઈ ૯૮.૭૫ રહ્યાના નિર્દેશો હતા. રૂપિયા સામે આજે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૩૩ પૈસા ઘટયા હતા. પાઉન્ડના ભાવ ઘટી નીચામાં રૂ.૧૧૬ની અંદર ઉતરી રૂ.૧૧૫.૭૦ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૧૧૫.૯૨ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે આજે ૬૧ પૈસા તૂટી ભાવ રૂ.૧૦૧ની૪ અંદર ઉતરી નીચામાં ભાવ રૂ.૧૦૦.૧૮ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૧૦૦.૫૦ રહ્યા હતા.

અમેરિકા તથા યુરોપ વચ્ચે થયેલા વેપાર કરાર પછી વિશ્વ બજારમાં ડોલર સામે યુરોના ભાવ ઝડપી તૂટી જતાં તેની અસર યુરોપીયન કરન્સીના ભાવ પર દેખાઈ હતી. રૂપિયા સામે આજે જાપાનની કરન્સીના ભાવ રૂપિયા સામે ૦.૨૨ ટકા ઉંચકાયા હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

### ૨૧ મહિનાથી ચાલી રહ્યું છે યુદ્ધ

# યુદ્ધમાં ૬૦ હજાર જેટલાં પેલેસ્ટેનિયનનાં મોત થયાં

## તાજેતરમાં ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના સુરક્ષા દળોએ કરેલી કાર્યવાહીમાં ૭૦ લોકોના મોત

ડેર અલ-બલાહ , તા.૩૦

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ૨૧ મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. જેને પગલે ઈઝરાયેલના લશ્કરી દળો દ્વારા છાશવારે ગાઝા પર હુમલા કરવામાં આવે છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ ૨૧ મહિનાથી ચાલતાં યુદ્ધમાં ૬૦ હજાર પેલેસ્ટેનિયનનાં મોત થયા છે. હમાસ સંચાલિત સરકારના મંત્રાલયના મતે ગાઝામાં મૃત્યુઆંક ૬૦,૦૩૪ને આંબી ગયો છે અને ઘાયોલની સંખ્યા ૧.૫૦ લાખ આસપાસ પહોંચી છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ના હમાસ દ્વારા ઈઝરાયેલ પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૧,૨૦૦થી વધુ લોકોના મોત થયા હતા અને ૨૫૦ જેટલા લોકોને હમાસે બંધક બનાવ્યા હતા. આ બંધકોને છોડાવવાની માંગ સાથે ઈઝરાયેલ સમયાંતરે વળતા હુમલા કરી રહ્યું છે. તાજેતરમાં ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના સુરક્ષા દળો (આઈડીએફ)એ કરેલી કાર્યવાહીમાં ૭૦ લોકોના મોત નિપજ્યા છે.

# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા કોલેજ ખાતે ''કારગિલ વિજય દિવસ''ની ઉજવણી



અમરેલીજિલ્લાવિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સકાલેજ,અમરેલીખાતેતારીખર૬ જુલાઈ ૨૦૨૫ શિનવારના રોજ '' કારિગલ વિજય દિવસ''ની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. ૨૬ જુલાઈ ૧૯૯૯ ના દિવસે આશરે ૬૦ દિવસ સુધી યુદ્ધ કરીને ભારતીય સેનાએ કારિગલ પર પુનઃ કબ્જો મેળવ્યો હતો. જેની યાદગીરી અને શહીદી વહોરનાર સૈનિકોને શ્રધ્ધાંજલિ અર્પવા અર્થે અમરેલીસ્થિત મોંઘીબા મહિલા કોલેજ ખાતે ૩ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. ભાવનગર અંતર્ગત આ કોલેજનાએન.સી.સી. યુનિટદ્વારાર૬મી જુલાઈ, ૨૦૨૫ને શનિવારના રોજ અમરેલી જિલ્લાના એડિશનલ કલેકટર IAS માનનીયઅતુલસિંગજીનાઅધ્યક્ષ સ્થાને એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીના પી.આઈ. જે.આર. સરવૈયા મેડમ, તરૂણભાઈ શુકલ (મિલેટ્રી ઈન્ટેલિજન્સ & રો, ડિસ્ટ્રીક્ટ પ્રેસિડેન્ટ ડિફેન્સ, મેમ્બર ડિસ્ટ્રીક્ટ સોલ્જર બોર્ડ), હિતેશભાઈ મોભ (ઈનફન્ટ્રી બટાલિયન), એન.સી.સી. લેફ્ટનન્ટ પ્રો.વિલ્સન વસાવા (કે.કે. પારેખ કોમર્સ કોલેજ) તથા કારગિલ યુદ્ધમાં શહીદ થનાર વીર જવાનોના પરિવારજનો પ્રકાશભાઈ મહેતા, હિંમતભાઈ રામાણી તથા પ્રજ્ઞાબેન કાનાણીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયત તથા એન.સી.સી. લેફ્ટનન્ટ પ્રા.મનીષાબેન સાગઠિયાના નેતૃત્વમાં આયોજિત આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય થઈ ત્યારબાદ ઉપસ્થિતમહેમાનોનુંપુષ્પગુચ્છથીસ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયતે મહેમાનોનુંશબ્દોથીસ્વાગતતથાપ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ, જેમાં ''કારગિલ વિજય દિવસ''ના સંદર્ભે ભારતના ઐતિહાસિક વિજયને યાદ કરી શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણકરીહતી. ત્યારબાદ કારગિલયુદ્ધમાં શહીદથયેલઅમરેલીજિલ્લાનાશહીદમેજર ઋષિકેશ રામાણી, શહીદ હવાલદાર મનીષ ગુણવંતરાય મહેતા તથા કારગિલ યુદ્ધમાં લડી દુશ્મનોને હંફાવનાર નિવૃત્ત નાયબસુબેદાર સ્વ.કિશોરભાઈ કાનાણીને તેઓના પરિવારજનોની ઉપસ્થિતિમાં મરણોત્તર બહાદૂરી સન્માનપત્ર અર્પણ કરવામાંઆવ્યાહતા. સન્માનપત્રોનુંવાંચન ડો.વી.પી. સોરઠિયા, ડો.એમ.જે. પટોળિયા તથા ડો.એન.જી. ટાંક દ્વારા કરવામાં આવેલ. તરૂણભાઈ શુકલે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભારતને આ ઐતિહાસિક વિજય કેવી રીતે મળ્યો અને ભારતીયસેનાનાજવાનોનીકુરબાનીજેવી તમામ બાબતો વણી લઈ વિદ્યાર્થીઓને દેશભકિતથી તરબોળ કર્યા હતા. ડો. અરવિંદ ઉપાધ્યાયે આ પ્રસંગે કલમ સૈનિકનીવાતકરીહતી. આપ્રસંગેકાલેજના એન.સી.સી. કેડેટ્સદ્વારાદેશભકિતભાવ સભરવિવિધસાંસ્કૃતિક કાર્યક્રમો રજૂથયા હતા. એન.સી.સી. કેડેટ્સ દ્વારા કારગિલ વિજય, ઓપરેશન સિંદૂરના પોસ્ટર તથા રંગોળી તૈયાર કરવામાં આવ્યા હતા. અમરેલીના આસિસ્ટન્ટ કલેકટર અતુલસિંગજીએ પોતાના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ભૂતકાળમાં ભારતીય સેનાએ પોતાની તાકાત બતાવી કારિગલવિજયઅપાવ્યોહતો. ભવિષ્યમાં પણ ભારતીય સેના વધારે તાકાતવાન બનશે. તેમણે ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, આ મોરચે ભારતે આતંકવાદીઓનેધૂળચટાવીછે. ભવિષ્યમાં પણભારતસામેઆંખોકાઢનારાઓનેપાઠ ભણાવવામાં આવશે. આ માટે આપણી એકતા અને અખંડિતતા ટકાવી રાખવાની ટકોર કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલનએનસીસીકેડેટ્સઅન્ડરઓફિસર સોંદરવાહાર્દિકા, સિનિયરઅન્ડરઓફિસર જમોડખુશી, દલ્લાઅલ્જીનાઅનેચાટકિયા દિવ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર દર્શન એન.સી.સી. લેફટનન્ટ પ્રા.મનીષાબેન સાગઠિયાએ હતું. આ કાર્યક્રમનેસફળબનાવવામાટેકોલેજના તમામ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ એન.સી.સી. અને એન.એસ.એસ. યુનિટ દ્વારા ''એક સૈનિક એક ઝાડ'' કન્સેપ્ટ અંતર્ગત કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણનુંઆયોજન કરવામાંઆવ્યું હતું. વૃક્ષમાંવાસુદેવછેએવીભાવનાથી મહેમાનોના વરદ હસ્તે વિવિધ વૃક્ષો વાવવામાંઆવ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું
## આરોપીને ૭ વર્ષની કેદ

બાતમીના આધારે અમરેલી સીટી પોલીસસ્ટેશનનીટીમદ્વારાદરોડાકરતા ૧૦૦કિલો ગૌમાંસ તથા કતલ કરવાના સાધનો સાથે આરોપી અવેશભાઈ ઉર્ફે કાળુ દાઉદભાઈ તરકવાડીયાને ઝડપી લીધેલ હતાં.

આ અંગેનો કેસ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલી જતા સ્પે. સરકારી વકીલ ચંદ્રેશ બી. મહેતાની દલીલો તથા રજુ કરેલ પુરાવાઓને આધારે સેશન્સ જજ રીઝવાનાબેન બુખારી દ્વારા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૬ (ખ)માં ૭ વર્ષની સજા અને રૂા. ૧,૦૦,૦૦૦નો દંડ તેમજ આઈ.પી.સી. ૨૯૫માં ૨ વર્ષની સજા અને ૨ હજારના દંડની સજાનો હુકમ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં જહાંગીરભાઈ કુરેશી

જમીનમાંઆવેલપ્લોટ નં.૨૬ નો અગાઉ દસ્તાવેજ થઈ ગયેલ હોવાનું પોતે જાણવા હોવા છતા અમરેલીના ચીતલ રોડ ઉપર આવેલ ગુરૂકૃપાનગર શેરી નં.૨ માં રહેતા જીજ્ઞેશભાઈ કાંતિલાલ કોટેચા નામના વેપારીને વિસમાં લઈ અને આરોપીએ ફરીથી ગત તા. ૨૬/૭/૦૭ થી તા. ૩/૧૨/૨૪ સુધી અલગ અલગ સમયે પોતે તે પ્લોટના માલીક ન હોવા છતા આ પ્લોટના વહીવટ કર્તા તરીકે આ મિલ્કતનો ખોટો દસ્તાવેજ બનાવી આપેલ હતો. જે દસ્તાવેજને સાચા તરીકે ઉપયોગ કરી આ મિલ્કતનું ગામ નમુના નં. ૨માં યેનકેન પ્રકારે એન્ટ્રી કરાવી તેમજ આ બાબતની જાણ કરતા પ્લોટ નં.૮નું પણ ખોટી રીતે બાનાખત તથા સોગંદનામું કરી આપી આ વેપારી પાસેથી પૈસા લઈ નાણાંકીય વ્યવહાર કરી આ વેપારીને સદર મિલ્કત વેંચી દઈ વેપારી સાથે છેતરપીંડી અને વિસઘાત કર્યાની વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૫૧ |
| ૨ | શિંગ મોટી | ૮૨૫ | ૧૦૭૬ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૪૭૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૦૦ | ૧૩૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૧૦ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૪૦૦૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૦૨૦ | ૨૩૫૦ |
| ૮ | બાજરો | ૩૩૦ | ૪૮૧ |
| ૯ | જુવાર | ૪૦૫ | ૬૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૭૨ |
| ૧૨ | મગ | ૧૧૦૦ | ૧૪૮૬ |
| ૧૩ | અડદ | ૧૪૫૨ | ૧૪૫૨ |
| ૧૪ | ચણા | ૧૦૩૫ | ૧૨૦૮ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૬૧ | ૧૧૬૧ |
| ૧૬ | સફેદ ચણા | ૧૧૫૧ | ૧૧૮૯ |
| ૧૭ | છોલે ચણા | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૮ | તુવેર | ૧૦૧૦ | ૧૨૫૫ |
| ૧૯ | કપાસ | ૮૨૫ | ૧૬૭૬ |
| ૨૦ | એરંડા | ૧૧૯૫ | ૧૨૫૫ |
| ૨૧ | જીરૂ | ૩૨૭૫ | ૩૨૭૫ |
| ૨૨ | રાયડો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨૩ | ઈસબગુલ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૨૪ | ધાણી | ૧૦૮૦ | ૧૩૭૫ |
| ૨૫ | અજમા | ૧૬૩૧ | ૧૬૩૧ |
| ૨૬ | મેથી | ૮૫૦ | ૮૮૫ |
| ૨૭ | સોયાબીન | ૬૪૫ | ૮૩૮ |
| ૨૮ | કાંગ | ૩૯૭ | ૫૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## બગસરાનાં ગોકુલપરામાં રહેતા

બાનાખત કરી આપો. તેમ કહી ખેડૂત પાસે બળજબરી પુર્વક માંગણી કરેલ હતી. અને બાદમાં આ આરોપીઓએ એકસંપ કરી ખેડૂતને પકડીને ફોરવ્હીલમાં બળજબરીપુર્વક બેસાડી દઈ અપહરણ કરી લઈ જઈ અને ખેડૂતના પેન્ટના ખીસ્સામા રહેલ આશરે ચારેક હજાર રૂપિયા બળજબરી પુર્વક કાઢી લઈ તેમજ આરોપીઓએ ખેડૂત નાના દિકરાને પતાવી દેવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ખાંભાનાં ૨૫ ગામોને એસ.ટી.ની સુવિધા

બસો ગ્રામ્ય વિસ્તારમાં જતી નથી જેના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે અને ખાનગી વાહનોમાં વભારે ભાડુ આપીને અવરજવર કરવા મજબૂરી ઊભી થઈ છે.

નાગેશ્રી–ચોટીલા નેશનલ હાઈવે પર રાણીંગપરા ગામ પાસે એક પુલ જર્જરિત થવાથી એસ.ટી. બસ સહિત ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવામા આવ્યો છે અને સરકાર દ્વારા આ પુલ પરથી એસ.ટી. બસ અવર– જવર કરવા માટે ડાયવર્ઝન અથવા તો અન્ય કોઈ વિકલ્પ મૂકવામાં આવ્યો નથી. જેના કારણે એક પણ એસ.ટી. બસ ડેડાણ ગામે તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં આવતી નથી. જેથી અમારે વિદ્યાર્થીઓએ તગડી રકમ આપી પ્રાઈવેટ વાહનોમાં અભ્યાસ અર્થે આવવા જવા માટે અપડાઉન કરવું પડે છે અને અન્ય વાહનોમાં જવું આવવું પડે છે. માટે સરકારને વિનંતી છે કે એસ.ટી. બસ વહેલી તકે ચાલુ કરાવવામાં આવે. ખાંભા–નાગેશ્રી નેશનલ હાઈવે પર પુલ જર્જરીત થવાથી તંત્ર દ્વારા એસ.ટી. બસ સહિત ભારે વાહનો પર પ્રતિબંધ મૂકી દીધો છે જેના કારણે ડેડાણ સહિત આસપાસના ૨૦ જેટલા ગ્રામ્ય વિસ્તારમાં એક પણ એસ.ટી. બસ આવતી બંધ થઈ ગઈ છે અને એસ.ટી. બસ ન આવવાના કારણે વિદ્યાર્થીઓ અને આસપાસના ૨૦ ગામનું હટાણું ડેડાણમાં હોય જે લોકો પણ ભારે મુશ્કેલી ભોગવી રહ્યા છે. ત્યારે ડેડાણ ગામના સરપંચ, આગેવાનો અને વેપારીઓ દ્વારા એસ.ટી. તંત્રને પણ રજૂઆત કરી છે અને સરકાર દ્વારા વહેલી તકે નાગેશ્રી–ચોટીલા નેશનલ હાઈવે પર જર્જરિત પુલ બન્યો છે ત્યાં ડાયવર્ઝન અથવા અન્ય કોઈ વિકલ્પ કરી અને તાત્કાલિક એસ.ટી. બસ શરૂ કરવામાં આવે તેવી ગામજનોની માંગ છે તેમજ જે પુલ જર્જરિત થયો છે ત્યાંથી સરાકડિયાથી રાણીંગપરા ગામ થઈને એસ.ટી. બસ ડેડાણ આવી શકે તેમ છે તેમ છતાં તંત્ર દ્વારા કોઈ વિકલ્પ કરવામાં નથી. ત્યારે વહેલી તકે તંત્ર દ્વારા જર્જરિત પુલ નજીક ડાયવર્ઝન અથવા તો કોઈ વિકલ્પ કરી એસ.ટી. બસ ચાલુ કરવામાં આવે તેવી માંગ છે અને જો નહી કરવામાં આવે તો ગામ બંધ કરી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ડેડાણ વાસીઓએ ઉચ્ચારી હતી.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૬૮ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ૩ | શીંગ દાણા | – | ૧૪૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૧૧ |
| ૫ | તલ કાળા | ૩૩૦૦ | ૩૯૨૧ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૩૬૭૭ |
| ૭ | કપાસ | ૧૫૦૧ | ૧૬૦૨ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૪૫ |
| ૧૦ | બાજરો | ૩૩૦ | ૪૧૦ |
| ૧૧ | મગ | ૧૧૦૦ | ૧૫૦૫ |
| ૧૨ | અડદ | ૧૦૫૦ | ૧૩૫૦ |
| ૧૩ | ચણા | ૧૦૭૫ | ૧૨૦૦ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ૧૫ | ધાણા | ૯૦૦ | ૧૧૫૦ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૭૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## ખાંભાના પીપળવા ગામનાં ઈસમની

ઈસમની સમાજ–વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્રાજ દ્વારા ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરા તથા એલ.સી.બી. ટીમ દ્વારા અક્ષય બચુભાઈ જોળીયાને પાસા વોરંટની બજવણી કરી, મહેસાણા જિલ્લા જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં સુપ્રસિધ્ધ નાગનાથ મંદિરથી

દરમ્યાન યાત્રાનાં રૂટમાં આવતા દેવસ્થાનો અને મહાપુરૂષોની પ્રતિમાઓ જેવા કે નાગનાથ મહાદેવનાં ચરણોમાં શીશ નમાવી સર્વ સમાજનાં કલ્યાણ માટે પ્રાર્થના કરી ભોજલરામ બાપાની ડેરીએ તેમના આશીર્વાદ લઈને, સંત મૂળદાસ બાપાની પ્રતિમા, ડો. જીવરાજ મહેતાની પ્રતિમા, શહીદ સ્મારક, ભીડભંજન મહાદેવનાં દર્શન કરી, સંત જલારામ બાપાનાં મંદિરે શીશ નમાવી, હીરામોતી ચોક ખાતે નાગેર મહાદેવને શીશ નામાવીને, સરદાર ચોક ખાતે બજરંગદાસ બાપાનો ઓટો, હીરામોતી ચોક ખાતે દર્શન કરીને આ યાત્રા ઠેર ઠેર સ્વાગત સ્વીકારીને સાંજે સાત વાગ્યે ભોજલધામ ફતેપુર પહોંચશે ત્યાં ભોજલરામ બાપાનાં મંદિરે ધ્વાજારોહણ કરીને મહાઆરતીનાં દર્શન કરીને ભોજન પ્રસાદ લઈને આ પદયાત્રા સમાપન થશે આ સમગ્ર પદયાત્રા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ ડી.કે. રૈયાણી માર્ગદર્શન નીચે આયોજન કરવામાં આવશે અને પદયાત્રામાં લોહાણા સમાજ પણ જોડાશે જે ખુબ મહત્વની વાત છે.

આ મિટિંગમાં શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટનાં કોર કમિટીનાં સભ્યો, હોદ્દેદારો, કારોબારી સભ્યો સહીત સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમ ટ્રસ્ટના ઉપ પ્રમુખ રાજેશ માંગરોળીયાની યાદી જણાવે છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૨૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ૪ | જીરૂ | ૩૦૭૦ | ૩૫૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૫૫ | ૧૭૩૫ |
| ૬ | તલ કાળા | ૨૭૧૦ | ૩૮૯૦ |
| ૭ | ઘઉં | ૪૭૦ | ૫૨૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૪૩ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૧૩ | ૫૩૧ |
| ૩ | ચણા | ૯૯૦ | ૧૧૨૦ |
| ૪ | તલ સફેદ | ૧૩૩૦ | ૧૭૯૦ |
| ૫ | સોયાબીન | ૮૦૦ | ૮૧૫ |
| ૬ | મેથી | ૭૨૫ | ૭૨૫ |
| ૭ | ધાણા | ૧૨૦૦ | ૧૪૦૧ |
| ૮ | રાય | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૯ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૩૩૫ |
| ૧૦ | જુવાર | ૨૨૦ | ૨૨૦ |
| ૧૧ | બાજરો | ૩૫૫ | ૩૫૫ |
| ૧૨ | મગફળી | ૭૬૫ | ૭૬૫ |
| ૧૩ | મગ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૫ | શીંગફાડા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| ૧૬ | અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## ખાંભા–નાગેશ્રી માર્ગ ઉપર

છે તેનુ મરામત કાર્ય તાત્કાલીક શરૂ કરવામાં આવે, અથવા નવો પુલ બનાવવાની કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવે, અને (૩) આ બાબતે લાગુ રૂટ ઉપર આવતાં તમામ ગામનાં લોકોને જરૂરી માહિતી આપવામાં આવે, તથા કામ શરૂ થવાની અને પુર્ણ કરવાની સમય મર્યાદા જાહેર કરવામાં આવે.

આ વિસ્તારનાં લોકોને વાહન–વ્યવહાર અને સલામતીની દ્રષ્ટિએ તાત્કાલિક રાહત આપી શકે છે, તાત્કાલિક સંજ્ઞાન લઈને પગલાં લેવાં જિલ્લા પંચાયતનાં પૂર્વ સદસ્ય ઉપેન્દ્રભાઈ બોરીસાગર નેશનલ હાઈવે વિભાગને પત્ર પાઠવીને કરી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં મોહનનગરનાં રહેવાસીઓ

લાઈનને નુકસાન ન પહોંચે તે રીતે કામગીરી કરવાની હોવા છતાં ૨ થી ૩ જગ્યાએ રસ્તાઓ ખોદી અને કેબલ નાખવાનું કામ શરૂ કરેલ હોય. જે કામગીરીમાં કોઈ ઓથોરાઈઝ એન્જિનિયર વિના આ કામગીરી શરૂ કરેલ હોય. જીઓ ફાઈબર દ્વારા આ કેબલ પાણીની લાઈનમાંથી એક છેડેથી પસાર કરી બીજે છેડે કાંઢેલ હોય. જેમાં આ કંપનીએ પાણીની આખી લાઈન તોડી નાખી પાણીની સેવાને મોટું નુકસાન પહોંચાડેલ હોય. આ સંબંધે રહેવાસી દ્વારા નગરપાલિકાને અવારનવાર જાણ કરવા છતાં છેલ્લા ૨૦ દિવસથી આ લાઈન રીપેર કરેલ ન હોય અને રહેવાસીઓ પાણી વિના શ્રાવણ માસમાં પાણીની જરૂર હોય તેમ છતાં પાણીની સેવાથી વંચિત રાખી અને જાહેર મિલકતને નુકસાન કરેલ હોય તેમજ આવશ્યક સેવા ખોરવી નાખેલ હોય તેમજ નગરપાલિકા દ્વારા આ કંપનીનો કોન્ટ્રાકટ રદ કરેલ ન હોય કે કોઈ કાયદાકીય કાર્યવાહી નહિ કરી કંપનીને મદદગારી કરેલ હોય. જેથી કંપની અને તેના જવાબદાર કર્મચારીઓ, કોન્ટ્રાકટર સામે કાયદાની જોગવાઈ મુજબ પગલાં લેવા તેમજ નગરપાલિકાની બેદરકારીભર્યા કૃત્ય સામે પણ કાયદાકીય પગલાં લઈ કંપનીનો કોન્ટ્રાકટ રદ કરી નુકસાની ભરપાઈ કરવા માંગ કરવામાં આવી.


## :: પબ્લીક નોટિસ ::

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવાની કે, અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાનાં મોજે **દેરડી–જાનબાઈ** ગામે ખેડ ખાતા નં. ૯૬૨, સ.નં. ૧૫૬ (જુનોઃ૧૭૫), હે.આરે.ચો.મી. ૨–૭૦–૧૯ વાળી ખેતીની પિયત જમીન ૧. હેતલબેન હિમાંશુભાઈ વેકરીયા ૨. ચંદ્રીકાબેન ચિરાગભાઈ વેકરીયાના કબ્જા વ ભોગવટાની મીલ્કત અમારા અસીલ બિનશરતી અઘાટ વેચાણથી ખરીદવા માંગે છે.

સબબ સદરહું મિલ્કત સામે કોઈપણ વાંધા–તકરાર હોય કે આ મિલ્કતમાં સહકારી / અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક કે બાનાખત, કબ્જો વિ. હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયાનાં દિન–૭માં સંપુર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. તેમાં કસૂર થયે સહકારી/અર્ધસહકારી/સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક કે બાનાખત, કબ્જો વિ. કે કોઈપણ પ્રકારનો વાંધો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચૂકવીને વેચાણ દસ્તાવેજ રજી. કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને સુદ્ધ–બુદ્ધીનાં ખરીદનાર તરીકે કોઈપણ વાંધા તકરાર બંધન કર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

૧. હેતલબેન હિમાંશુભાઈ વેકરીયા ...................................


૨. ચંદ્રીકાબેન ચિરાગભાઈ વેકરીયા ...................................

(અમારા અસીલ વતી)

**કીરીટ એલ.પરવાડીયા** (એડવોકેટ)

નાગનાથ કોમ્પ્લેક્ષ, મું. બાબરા, જિ.અમરેલી


# બગસરા નાગરિક શરાફી મંડળીની બોર્ડ બેઠક સંપન્ન



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની બોર્ડ ઓફ ડિરેકટર તમામ શાખા એમ.ડી. તથા એડવાઈઝરી બોર્ડ મેમ્બર સભ્યોની મીટીંગ મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીયાના અધ્યક્ષ સ્થાને અત્રેના પરફેકટ રિસોટ ખાતે યોજાયેલ આ મીટીંગમા ધારાસભ્ય જે.વી. કાકડીયા અતિથી વિશેષ ઉપસ્થિત રહી મંડળીની સવલતો તથા કામગીરીને બિરદાવેલ. આ મીટીંગમા તજજ્ઞ ડીરેકટરો ઠકકરબાપા અમદાવાદના ધારાસભ્ય કંચનબેન રાદડીયા, જીલ્લા પંચાયત અમરેલીના પૂર્વ પ્રમુખ શરદભાઈ લાખાણી સહીત શાખાઓના એમ.ડી. વિનૂભાઈ રાદડીયા, મનોજભાઈ બોરડ, મહેશભાઈ વ્યાસ, પરિનભાઈ સોની, તનસૂખભાઈ ઠાકર, જયોતીકાબેન રાવળ, કેતનભાઈ સોની, અરવિંદભાઈ નાગ્રેચા સહિતના બોર્ડ સભ્યો એડવાઈઝરી બોર્ડ સભ્યો તેમજ તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહી આ મીટીંગમા મંડળીના વિકાસલક્ષી તેમજ સભાસદોના હિતલક્ષી નિર્ણયો લેવામાં આવેલ. આ મીટીંગનું સફળ સંચાલન જનરલ એમ.ડી. નિતેષા ડોડીયા તેમજ જનરલ સેક્રેટરી ડી.જી. મહેતાએ કરેલ એમ ફીલ્ડ ઓફીસર જયદીપ નાકરાણીની યાદી જણાવે છે.

# દામનગરનાં શાખપુર ખાતે મહિલા મંડળ દ્વારા કરાયુ વૃક્ષારોપણ



અખિલ ભારતીય દક્ષિણ વિભાગ લક્ષ્મીના દેવ પીઠાધિપતી પ. પૂ. સ. ધ. ધુ ૧૦૦૮ આચાર્ય અજેન્દ્ર પ્રસાદ મહારાજ તથા સર્વો ભકતોના ગુરૂપદને શોભાવતા એવા પ. પૂ. લક્ષ્મીજી સ્વરૂપા અ. સૌ. ડો. ઉર્વશી કુવરબા (બાબા રાજા)ના શુભ આશીર્વાદ તથા પ. પૂ. અભિ સિચિત લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ શાખપુર દ્વારા આયોજિત નવ પલ્લવિત ધરા મહોત્સવ પંચમ ચરણ ૨૦૨૫ના અનુસંધાને આજ રોજ મંડળના બહેનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને વાવેલા વૃક્ષોનું બરાબર જતન કરી ઉછેરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. વડ, બિલ્લી, પીપળો, ઉમરો, કરંજ, નગોર, બહેડાના રોપા રોપવામાં આવ્યા.

## કોવાયા : અલ્ટ્રાટેક GCW CSR વિભાગ દ્વારા યુવા કૌશલ્ય દિવસનું આયોજન કરવામાં આવ્યું



કોવાયા, તા. ૩૦

કોવાયા અલ્ટ્રાટેક GCW CSR વિભાગ ધ્વારા યુવાઓ તથા વિદ્યાર્થીઓને કૌશલ્ય તથા શૈક્ષણિક બાબતોમાં હંમેશા પ્રોત્સાહન પુરૂ પાડવા માટે વિવિધ જાગૃતતા કાર્યક્રમ તથા તાલીમોનું આયોજન થતું રહે છે.

તે અંતર્ગત વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ઉજવણી નિમિતે કરિયર કાઉન્સિલીંગનું આયોજન સરકારી માધ્યમિક શાળા લોઠપુર ખાતે કરવામાં આવ્યું. જેમાં ખાસ મહેમાન તરીકેની ઉપસ્થિત બ્લોક રિસોર્સ પર્સન ચિરાગભાઈ દેવ મુરારી તથા ચેતનભાઈ જોશી અને બ્લોક કાઉન્સિલર જેસિક મેમ પણ ઉપસ્થિત રહ્યા હતા. લોઠપુર માધ્યમિક શાળાના પ્રિન્સીપાલ રમેશભાઈના આયોજન અંતર્ગત ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને BRC ટીમ ધ્વારા કારકિર્દી અંતર્ગત માહિતી આપવામાં આવી. જેમાં સરકાર ધ્વારા ચાલતા સ્કીલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ વિષે પણ માહિતી આપવામાં આવી. ઉપરાંત ITI, Sewing Technology અને AgriCulture જેવા વિષયો પર કૌશલ્ય હાસિલ કરવા માટે ભાર મુકાયો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે (FH–HR) અજય વૈશમ્પાયન, સિકયુરિટી એડમીન હેડ રીતોબેન ચૌધરી, CSR ટીમ લીડ દેવેન્દ્ર સિંહ અને ઉધ્ધવી પરિખ તથા ઈશા દેસાઈનો સફળ પ્રયાસ રહ્યો.

## સાવરકુંડલાથી સોમનાથ સુધી એક વર્ષથી અવિરત પદયાત્રા



સાવરકુંડલા, તા. ૩૦

સોમનાથ પદયાત્રા સંઘ સાવરકુંડલા ધ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે આજરોજ સાવરકુંડલાથી સોમનાથ સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અંદાજે ૭૦ થી ૮૦ જેટલા પદયાત્રી અને સ્વયંસેવકો આ પદયાત્રામાં સહભાગી બનશે. પદયાત્રા તારીખ ૩૦/૭/૨૦૨૫ના રોજ સાવરકુંડલાથી પ્રારંભ કરવામાં આવેલો જે તારીખ ૩/૮/૨૦૨૫ના રોજ સોમનાથ મંદિરે દેવધિદેવ મહાદેવજીના દર્શન કરી ત્યારબાદ સોમનાથ દાદાને ધજા ચડાવવાનો કાર્યક્રમ રાખેલ હોય જેમાં સર્વ પદયાત્રીઓ ભાગ લેશે અને પદયાત્રા પૂર્ણ કરવામાં આવશે.

છેલ્લા એકત્રીશ વર્ષથી શૈલેષભાઈ જોશી, ચેતનભાઈ જોશી તેમજ કમલેશભાઈ કડવાણી, વિક્રમભાઈ પરમાર, નિલેશભાઈ ચૌહાણ જેવા શિવ ભકતો ધ્વારા આ સંઘનું આયોજન કરવામાં આવે છે અને યાત્રાળુઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. આ પદયાત્રામાં સાવરકુંડલા જ નહિ પરંતુ સુરત, મુંબઈ, અમદાવાદ જેવા મહાનગરથી પણ ઘણા શ્રધ્ધાળુઓ માટે રસ્તામાં ઠેક ઠેકાણે ચા, પાણી–નાસ્તો, ભોજન–પ્રસાદ, ઉતારાની વ્યવસ્થાથી લયને તમામ પ્રકારની સુવિધા મળી રહે તેવું સુંદર અને વ્યવસ્થિત આયોજન કરી સર્વ ભકતો માટે શિવજીના આશિર્વાદ મેળવે છે.

સાવરકુંડલાના તમામ ધર્મપ્રેમી અને શિવભકતો ધ્વારા સહર્ષ આ પદયાત્રામાં સાથ સહકાર આપવા અને ભાગ લેવામાં આવે છે. આમ પવિત્ર શ્રાવણ માસમાં ભોળાનાથ દેવાધિદેવ ભગવાન સોમનાથ મહાદેવના ચરણોમાં પૂર્ણ શ્રધ્ધા, આસ્થા અને હૃદયના અણિશુધ્ધ સમર્પિત ભાવ સાથે દર્શન કરીને આ તમામ શિવભકતો વિશ્વ કલ્યાણાર્થે પ્રાર્થના પણ કરે છે.

### વાહનચાલકોની સલામતીને પ્રાથમિકતા મળી રહે તે માટે

## અમરેલી : જિલ્લાના વિવિધ માર્ગો પર મરામત, માર્ગ સલામતીને લગતા કાર્ય નિયમિત રીતે કરવા જિલ્લા કલેકટરનો નિર્દેશ

### કોઝ–વે પર પાણીની ઊંડાઈના સાઇન બોર્ડ અને ક્રેશ બેરિયર લગાડવા માટે દિશાનિર્દેશ

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં, જિલ્લા કલેકટરએ અમરેલી જિલ્લાની માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા કરતા વાહન ચાલકોની સલામતી માટે સંબંધિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

ચોમાસા દરમિયાન આવતા કોઝ–વે પર પાણી પરથી પસાર થતું હોય જિલ્લામાંથી પસાર થતાં તેવા તમામ માર્ગો અને તમામ સ્થળોએ પાણીની ઊંડાઈ દર્શાવતા સાઈન બોર્ડ મૂકવા. સાઈન બોર્ડ મૂકવાના બાકી હોય તેવા તમામ સ્ટ્રક્ચર પર ઘટતી કામગીરી કરવા જિલ્લા કલેકટરએ પંચાયત માર્ગ મકાનને દિશાનિર્દેશ આપ્યો હતો. તમામ પ્રકારના કોઝ–વેમાં જયાં બેરિયર નથી ત્યાં બેરિયર લગાડવાની કામગીરી કરવા માટે નિર્દેશ આપ્યો હતો.

વાહન ચાલકોની સલામતી માટે અમરેલી જિલ્લાના વિવિધ રસ્તા પર આવશ્યકતા મુજબ જરૂરી સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ, સ્પીડ બ્રેકર, સ્પીડ લિમિટ દર્શાવતા બોર્ડ, રેડિયમ, માર્કિંગ પટ્ટા, બેરિયર લગાવવાની કામગીરીને નિયમિત રીતે રહેવા માટે માર્ગ મકાન વિભાગ રાજય, પંચાયત, નેશનલ હાઈવે રાજય, ઓથોરિટી અને સંલગ્ન ડિવિઝનના અધિકારીઓને જિલ્લા કલેકટરએ નિર્દેશ આપ્યા હતા.

જિલ્લામાં વિવિધ સ્થળોએ પસાર થતાં માર્ગો પર આવેલી શાળાઓ પર તકેદારીના ભાગરૂપે શાળાના નિશાન દર્શાવતા બોર્ડ મૂકવામાં આવી રહ્યા છે. આ કામગીરી માટે જિલ્લાના પ્રાંત અધિકારીઓને વિશેષ સંકલન કરવા માટે જિલ્લા કલેકટરએ સૂચના આપી હતી.

જિલ્લામાં થતાં અકસ્માતોના અહેવાલમાં અકસ્માતના લીધે થયેલા મૃત્યુમાં વાહનના પ્રકાર, ક્યા સત્તામંડળનો રસ્તો છે અને માર્ગની સ્થિતિની સમીક્ષા કરી વિસ્તૃત અહેવાલ તૈયાર કરવા માટે સૂચના આપી હતી.

બેઠકમાં, કલેકટરએ જી.એસ.આર.ટી.સી.ના વિભાગીય નિયામકના તાબા હેઠળના બસના ડ્રાઈવર, કંડકટર અને ટેકનિકલ સ્ટાફની સમયાંતરે તાલીમ યોજાતી રહે તે માટે વિશેષ સૂચન કર્યુ હતુ.

જિલ્લા કલેકટરએ, એ.આર.ટી.ઓ અને પોલીસ વિભાગને તકેદારીના ભાગરૂપે ઓવરલોડિંગ વાહનોના ચાલકોને દંડ કરી અને ઓવરલોડિંગ વાહન ચલાવવાના કિસ્સાઓમાં ઘટાડો લાવવા માટે કાર્યવાહી કરવા ઘટતું કરવા જણાવ્યુ.માર્ગ સલામતી માટે વિવિધ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સંકલિત વિગતો સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી મીત શાહે પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરી હતી.અમરેલી જિલ્લા સેવા સદન કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, સુપરન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર અતુલ સિંઘ, વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મદદનીશ પોલીસ અધીક્ષક વલય વૈદ્ય, જિલ્લાના પ્રાંત અધિકારીઓ, જિલ્લા શિક્ષણાધિકારી, રાજય અને પંચાયત માર્ગ અને મકાન, પોલીસ, આરોગ્ય, નેશનલ હાઈ–વે ઓથોરિટી, ઈમરજન્સી સેવા ૧૦૮ સહિત વિવિધ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### વાહનચાલકોએ વૈકલ્પિક રૂટ અનુસરવા

## ધારી–કોડીનાર રોડ પરના કુબડા ગામ પાસે પીલુકીયા નદી પરના બ્રિજ પર વાહનોના અવરજવર પર પ્રતિબંધ

### કુબડા, ગોવિંદપુર, દલખાણીયા થઈ કોડીનાર રોડ પરથી પસાર થવું

અમરેલી, તા.૩૦

ધારી–કોડીનાર રોડ પરના કુબડા ગામ પાસેના પીલુકીયા નદી પરનો બ્રિજ જર્જરિત છે, વાહનચાલકોએ સલામતીના ભાગઢપે વૈકલ્પિક ઢટ પરથી પસાર થવું.

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે ગુજરાત પોલીસ અધિનિયમ– ૧૯૫૧ની કલમ– ૩૩(૧) (બી) હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ છે. ધારી તાલુકામાં, ધારી – દલખાણીયા વચ્ચે આવેલા અમરેલી–ધારી–કોડીનાર રોડ (સ્ટેટ હાઈવે– ૩૩) પીલુકીયા નદી પરના પીલુકીયા બ્રિજ પરથી પસાર થતાં ભારે વાહનો, થ્રી તથા ફોર વ્હીલર વાહનોની અવરજવર પર પ્રતિબંધ છે, વાહનોની અવરજવર માટે રૂટ ડાઈવર્ટ કરવામાં આવ્યો છે.

વૈકલ્પિક રૂટ – ૧ મુજબ ધારીથી કોડીનાર તરફ જતા વાહનોએ ધારી કૃષિ જંકશન શાળા, કુબડા, ગોવિંદપુર, દલખાણીયા થઈ કોડીનાર રોડ પરથી પસાર થવું.

વૈકલ્પિક રૂટ – ૨ મુજબ કોડીનારથી ધારી તરફ આવતા પ્રતિબંધિત વાહનોએ દલખાણીયા, ગોવિંદપુર, કુબડા થઈ ધારી રોડ પરથી પસાર થવું.

આ મેજર બ્રીજ નવો ન બને અથવા મરામત કરી અવર–જવર માટે સલામતીની દ્રષ્ટિએ સુરક્ષિત ન બને ત્યાં સુધી આ જાહેરનામું અમલી રહેશે.

## ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ખાતે કારગીલ વિજય દિવસ ઉજવણી



ચલાલા, તા. ૨૯

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ખાતે પુ. સંત ડો. રતિદાદાના આર્શીવાદથી કારગીલ વિજય દિવસની ઉજવણી હરિબા કેમ્પસમાં કરવામાં આવી. જેમાં શહીદોની યાદમાં દિપ પ્રગટાવી પુષ્પ દ્વારા શ્રધ્ધાંજલિ આપવામાં આવી. ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, ડો. ચંદ્રમૌલી જોશી (ગણિતશાસ્ત્રી, વૈજ્ઞાનિક), ડાયરેકટર શીતલબેન મહેતા, રક્ષા શકિત સ્કુલ આચાર્ય તુષારભાઈ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. રક્ષા શકિત સ્કુલની દિકરીઓ દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ આપી ૨ મિનિટનું મૌન રાખી શહીદોને યાદ કર્યા હતા.

આ પ્રસંગે ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ ભારત માતાને નમસ્કાર દેશ ભકિતની ભાવના ઉજાગર કરવા અપીલ કરી હતી. ડો. ચંદ્રમૌલી જોશીએ વિજય દિવસના શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, ડાયરેકટર શીતલબેન મહેતા, આચાર્ય તુષારભાઈ સહીત સ્ટાફ ગણે જહેમત ઉઠાવી હતી.


દુકાન ભાડે આપવાની છે

અમરેલીના ચિતલરોડ ઉપર રોયલ કોમ્પ્લેક્ષમાં અંડરગ્રાઉન્ડ દુકાન ૧૦ ફુટ પહોળાઈ ૨૦ ફુટ લંબાઈની દુકાન ભાડે આપવાની છે

: સંપર્ક :

૯૪૨૬૯ ૩૮૪૪૨


# સાવરકુંડલામાં ચાલતા શિક્ષણ અભિયાનની એએસપી વલય વૈદ્યે મુલાકાત લીધી



સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર આવેલ છેવાડાનાં વિસ્તારોમાં ગરીબ બાળકોને વિનામૂલ્યે શિક્ષણ આપતાં ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતાં વિનામૂલ્યે શિક્ષણ સેવાની સાવરકુંડલા એ.એસ.પી. વલય વૈદ્ય મુલાકાત લીધી અને આ બાળકો સાથે શૈક્ષણિક વાતો ઉપરાંત જીવનમૂલ્યોને સ્પર્શતી પ્રેરણાદાયી વાતો પણ બાળકો સાથે શેર કરી. આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓ નિહાળી સંસ્થાનાં ધારાબેન ગોહિલ સમેત તેની ટીમને અભિનંદન પણ પાઠવી આવા સમાજ સેવાના કાર્યને બિરદાવેલ. આમ પણ કહેવાય છે ને કે દીપ સે હી દીપ જલતે હૈ, જ્ઞાન સાથે સંસ્કાર અને સંસ્કૃતિનું ઘડતર પણ ખરેખર આવી સમાજસેવી સંસ્થાઓ દ્વારા થઈ રહયું છે. તે સાવરકુંડલાના નગરજનો માટે સૌભાગ્યપૂર્ણ બાબત ગણાય.





## જીઓ નામની કંપની ફાયબર કેબલ લગાવતી હોય પાઈપલાઈન તોડતા

# અમરેલીનાં મોહનનગરનાં રહેવાસીઓ ૨૦ દિવસથી પાણીથી વંચિત

**સ્થાનિકોએ અવારનવાર પાલિકામાં રજૂઆત કરી છતાં પણ કંપની સામે કોઈ કાર્યવાહી કરાતી નથી**

**કંપનીનાં કોન્ટ્રાકટર મનફાવે તે રીતે કેબલ લગાવતાં હોય ભારે નારાજગી**

**પાલિકાનાં ભ્રષ્ટ કર્મચારીઓ અને ફાયબર કેબલ કંપનીનાં કોન્ટ્રાકટર વચ્ચે મિલીભગત**

**સ્થાનિક રહેવાસી અને એડવોકેટ અજય પંડયાએ એસ.ડી.એમ. સમક્ષ ફરિયાદ અરજ આપી**



અમરેલી, તા. ૩૦

અમરેલીમાં "સબ ભૂમિ ગોપાલ કી" સમજીને જેને જયાં દબાણ કરવું હોય, તોડફોડ કરવી હોય કોઈ પુછવાવાળુ જ નથી. પાલિકાનાં શાસકો કુંભકર્ણ કરતાં પણ વધારે ગાઢ નિંદ્રામાં પોઢી ગયા હોય તેવા માહોલ વચ્ચે મોહનગર–હનુમાનપરાનાં રહેવાસીઓને છેલ્લા ૨૦ દિવસથી પીવાના પાણીથી વંચિત હોય સ્થાનિક રહેવાસીઅનેએડવોકેટઅજયપંડયાએ એસ.ડી.એમ. સમક્ષ ફરિયાદ અરજ દાખલ કરેલ છે.

જેમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકાની મંજૂરીથી જીઓફાઈબર કંપની દ્વારા અન્ડરગ્રાઉન્ડ કેબલ નાખવાનું કામ આજથી ૨૦ દિવસ પહેલા શરૂ કરવામાં આવેલ. જે કામમાં નગરપાલિકાની શરતો મુજબ કોઈ પણ પાણીની લાઈન કે ગેસ લાઈન કે ગટર

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા મેજીસ્ટ્રેટ વિકાસ ભારદ્વાજનાં વોરંટનાં આધારે

# ખાંભાના પીપળવા ગામનાં ઈસમની પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરાયો

**એસપીનાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચે મહેસાણા જેલમાં મોકલી દીધા**

અમરેલી, તા. ૩૦

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાએ અમરેલી જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ આચરતો ઈસમ અક્ષય બચુભાઈ જોળીયા (રહે.દુધેરી ડોળીયા, તા.મહુવા હાલ રહે.પીપળવા,



તા.ખાંભા), વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.

લોકોની માલ–મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા પંચાયતનાં પૂર્વ સદસ્ય ઉપેન્દ્રભાઈ બોરીસાગરે પત્ર પાઠવ્યો

# ખાંભા–નાગેશ્રી માર્ગ ઉપર ભાવરડી અને રાણીંગપરા ગામ વચ્ચેનો જર્જરિત પૂલ ડાયવર્ઝન વગર બંધ કરી દેવાયો

**એસ.ટી.માં આવનજાવન કરતાં વિદ્યાર્થીઓ સહિત ૨૫ ગામના નાગરિકો પરેશાન**

અમરેલી, તા. ૩૦

રાજુલા, જાફરાબાદ અને ખાંભા ત્રણ તાલુકાઓને જોડતો નાગેશ્રી –ખાંભા રૂટ ભાવરડી અને રાણીંગપરા ગામ વચ્ચે પુલ જર્જરિત હોવાથી બંધ કરેલ છે, પરિણામે ૨૫ ગામોના લોકોનાં દૈનિક જીવન ગંભીર અસર પડી રહી છે, ખાસ કરીને એસ.ટી. બસમાં અપડાઉન કરતાં વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર, દર્દીઓની સારવારમાં વિલંબ, ખેડૂતોનાં ખેતીનાં સાધનો અને ઉપજની હેરફેરમાં અડચણ અને ટ્રાન્સફર સેવાનાં વાહનો માટે વર્ણવી ન શકાય તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે, આ પુલ ઉપર ભારે વાહનોની અવર–જવર બંધ કરતાં પહેલાં ડાયવર્ઝન બનાવવું જોઈએ, જે ન બનાવી ગંભીર ભુલ કરેલ છે, વિકલ્પે, રાણીંગપરાથી અંદર સરાકડીયા અને સરાકડીયાથી ભાવરડીપરાને જોડતો રસ્તો ઉપલબ્ધ હોય ત્યાંથી એસ.ટી. બસો ચલાવવામાં આવે તો ૨૫ જેટલાં ગામડાઓનો વાહન વ્યવહાર શરૂ રહે તેમ છે, તેથી તે અંગે લાગુ પડતી એસ.ટી. કચેરીઓને જાણ કરવી જોઈએ.

સાથોસાથ (૧) નાગેશ્રી ખાંભા માર્ગ ઉપર આવેલ તમામ પુલોની તાત્કાલીક ટેકનીકલ તપાસ કરવામાં આવે, (૨) જે પુલો જર્જરિત

અનુસંધાન પાના ૬ ઉપર

## શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટની બેઠકમાં થયો નિર્ણય

# અમરેલીનાં સુપ્રસિધ્ધ નાગનાથ મંદિરથી ફતેપુર (ભોજલધામ) સુધીની રવિવારે પદયાત્રા યોજાશે

**માર્ગમાં આવતાં મંદિરો, પ્રતિમાઓનાં દર્શન કરવામાં આવશે**



અમરેલી, તા. ૩૦

લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંત ભોજલરામ બાપાનાં સાનિધ્યમાં સર્વ સમાજનાં કલ્યાણ અર્થે પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં નાગનાથ મહાદેવ અમરેલીથી ભોજલધામ ફતેપુર સુધીની પદયાત્રા અનુસંધાને લેઉવા પટેલ સમાજની એક અગત્યની મિટિંગનું આયોજન બાલમુકુન્દ હોલ, ગજેરાપરા ખાતે કરવામાં આવ્યુ હતું જેમાં લેઉવા પટેલ સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનો સહીત સમાજના આગેવાનો હાજર રહ્યા હતા અને સમગ્ર પદયાત્રા

અનુસંધાન પાના ૬ ઉપર

## મુખ્ય માર્ગનાં પુલની ખરાબ સ્થિતિને લીધે

# અમરેલીથી બાબરા તરફ આવન–જાવન કરતી એસ.ટી. બસોએ શેડુભારથી પસાર થવું

**જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું**

અમરેલી, તા. ૩૦

નેશનલ હાઈ–વે નં. ૩૫૧–જી, અમરેલી–બાબરા રોડ પર આવેલ પુલની સ્થિતિને ધ્યાને લઈ જી.એસ.આર.ટી.સી.ની (એસ.ટી.) બસો માટે વૈકલ્પિક રૂટ પરથી પસાર થવું. અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧)(બી) હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે.

વૈકિલ્પક રૂટ મુજબ અમરેલીથી બાબરા તરફ જતી એસ.ટી. બસોએ નાના માચીયાળા–મોટા માચીયાળા, શેડુભાર–ડેરી સાયન્સ કોલેજ રોડ પરથી પસાર થવું. બાબરાથી અમરેલી તરફ જતી એસ.ટી. બસોએ ડેરી સાયન્સ કોલેજ–શેડુભાર, મોટા માચીયાળા, નાના માચીયાળા રોડ પરથી પસાર થવું.











## જાહેર નોટિસ

### અમારા કહ્યામાં નથી

આથી અમો નીચે સહી કરનાર **(૧) અલ્તાફભાઈ હબીબભાઈ પરમાર** (ઉ.વ.–૫૨) રહે.વસાણી ઓઈલ મીલ રોડ, મંડોરા શેરી, સંતોષી માતાના મંદિર વાળી શેરી, અમરેલી – ૩૬૫૬૦૧ તથા **સલમાબેન અલ્તાફભાઈ પરમાર** (ઉ.વ.૪૨) રહે. વસાણી ઓઈલ મીલ રોડ, મંડોરા શેરી, સંતોષી માતાના મંદિર વાળી શેરી, અમરેલી – ૩૬૫૬૦૧ અમરેલીવાળા આ જાહેર નોટિસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જાણ કરીએ છીએ કે,

અમો ઉપર જણાવેલ તથા નીચે સહી કરનારા ઉપરના સરનામે અમારા કુંટુંબ સાથે રહીએ છીએ અમારા કુંટુંબમાં અમારા કુંટુબના સભ્યો પૈકી અમારા પુત્ર નામે અફઝલ અલ્તાફભાઈ પરમાર, (ઉ.વ.૨૧) કે જેઓ અમારા કુંટુંબની રીત રસમને અનુસરતા નથી અને અમારા કહ્યામાં નથી અને સમાજમાં અમારી બદનામી થાય તેવું વર્તન વ્યવહારો કરતા આવેલ છે અને મનસ્વી રીતે જીવન જીવે છે. આ ઉપરમાં જણાવેલ અમારા પુત્ર **અફઝલ અલ્તાફભાઈ પરમાર,** (ઉ.વ.૨૧) રહે.અમરેલીવાળાને અમારી તમામ પ્રકારની સ્થાવર જંગમ મિલ્કતમાંથી બે દખલ કરીએ છીએ અને ભવિષ્યમાં અમારી તમામ પ્રકારની સ્થાવર જંગમ મિલ્કતમાં તેઓ એટલે કે **અફઝલ અલ્તાફભાઈ પરમાર** (ઉ.વ.૨૧) રહે. અમરેલીનો કોઈપણ પ્રકારનો હક્ક–હિસ્સો વિગેરે રહેશે નહીં અને તેઓ એટલે કે અફઝલ અલ્તાફભાઈ પરમાર (ઉ.વ.૨૧) રહે. અમરેલીવાળા સમાજની કોઈપણ વ્યકિત કે અન્ય કોઈપણ સંસ્થા, બેંક, સરકારી બેન્ક, અર્ધસરકારી બેન્ક કે કોઈપણ ઓથોરિટી પરત્વે કોઈપણ પ્રકારનો વહીવટ કે વ્યવહાર કરે તો તેમાં અમો ઉપર જણાવેલ તથા નીચે સહી કરનાર અલ્તાફભાઈ હબીબભાઈ પરમાર (ઉ.વ.૫૨) રહે. અમરેલી તથા સલમાબેન અલ્તાફભાઈ પરમાર, (ઉ.વ.૪૨) રહે. અમરેલીવાળાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી કે અમોના હક્ક–હિતને બંધનકર્તા રહેશે નહીં અને છતાં પણ સમાજની કોઈ વ્યકિત કે કોઈપણ આવા પ્રકારના વ્યવહાર કે વહીવટ અમારા પુત્ર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરે તો તેની સંપૂર્ણ જવાબદારી તેઓ એટલે કે વ્યવહાર – વહીવટ કરનારા પક્ષકારોની રહેશે અને તેમાં અમો આ જાહેર નોટિસ આપનારાની કોઈ જવાબદારી રહેશે નહીં કે અમારા કોઈ હક્ક–હિતને બંધનકર્તા રહેશે નહીં જેની તમામ જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

હવેથી એમની સાથે કોઈપણ વ્યકિત આર્થિક વ્યવહાર કે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તે અમોને બંધનકર્તા રહેશે નહીં.

સ્થળ : અમરેલી, **અમારા મારફત અમોની સુચના અનુસાર**
તારીખ : ૩૦/૦૭/૨૦૨૫

**(૧) અલ્તાફભાઈ હબીબભાઈ પરમાર**
**(૨) સલમાબેન અલ્તાફભાઈ પરમાર**

રહે. વસાણી ઓઈલ મીલ રોડ, મંડોરા શેરી, સંતોષી માતાના મંદિરવાળી શેરી અમરેલી–૩૬૫૬૦૧

**ડી. ડી. પરમાર**
(એડવોકેટ)
ગુજરાત હાઈકોર્ટ

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)